અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 MAY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 307 | Page: 06 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3

અમેરિકાએ UFO આધારિત પ્રથમ ફાઈલો જાહેર કરી : દાવો- સ્પેસક્રાફ્ટમાંથી 4 ફૂટ લાંબા રહસ્યમય જીવો ઉતર્યા, સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેર્યા હતા

4

સોમનાથ જે ક્યારેય ઝૂક્યો નથી સાગર તટે શિવ સહસ્ત્રાબ્દીની સંઘર્ષયાત્રા ભારતીય અસ્મિતા અને શ્રદ્ધાનું અખંડ પ્રતીક સોમનાથ

6

ડૉ.સાઈ પલ્લવીની કંગનાની ફિલ્મમાં જુનિયર આર્ટિસ્ટ બનવાથી લઈને 'રામાયણ'ની સીતા સુધીની રસપ્રદ સફર

7

UPI-ATM દ્વારા આ જ મહિનાથી PF કાઢી શકશો : નવી સિસ્ટમ લૉન્ચ કરવાની તૈયારી પૂરી, 7.8 કરોડ સબસ્ક્રાઈબર્સને તરત પૈસા મળશે


## રાજ્યપાલને 121 ધારાસભ્યોના સમર્થનનો પત્ર આપ્યો, TVK ધારાસભ્યોના રિસોર્ટની સુરક્ષા વધારી

# વિજય તમિલનાડુના CM તરીકે શપથ

### TVKના સમર્થન પર VCK ચીફ બોલ્યા- અમે હજુ પણ DMK સાથે છીએ, વિજય રાજ્યપાલને મળવા નીકળ્યા, સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે

**તમિલનાડુ, તા.09**

તમિલનાડુમાં અભિનેતા વિજય સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા માટે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને મળવા લોકભવન પહોંચી ગયા છે. સૂત્રો અનુસાર, રાજ્યપાલે વિજયને સાંજે 6:30 વાગ્યાનો સમય આપ્યો હતો. આ પહેલા વિજય સાંજે લગભગ 6 વાગ્યે પોતાના ઘરેથી લોકભવન માટે નીકળ્યા હતા પરંતુ અડધા રસ્તેથી પાછા ફર્યા હતા. IUML અને VCK તરફથી સમર્થન મળ્યા બાદ વિજયની પાર્ટી તમિલગા વેત્રી કડગમ (TVK) પાસે બહુમતી માટે જરૂરી 118 ધારાસભ્યોની સંખ્યા પૂરી થઈ ગઈ છે. વિજયના જૂથમાં હવે 121 ધારાસભ્યો થઈ ગયા છે. વિજય આજે સતત ચોથા દિવસે રાજ્યપાલને મળવા જઈ રહ્યા છે. હવે તેમના CM બનવાનો રસ્તો લગભગ સ્પષ્ટ છે. TVKને VCK તરફથી સમર્થનની અટકળો 3 દિવસથી હતી TVKને VCKનું સમર્થન મળવાની અટકળો છેલ્લા 3 દિવસથી ચાલી રહી હતી. VCK ચીફ થિરુમાવલવને શુક્રવારે સવારે જાહેરમાં કહ્યું હતું કે તેમની પાર્ટી TVKને સમર્થન આપશે. પરંતુ મોડી રાત સુધી સમર્થનનો ઔપચારિક પત્ર સોંપવામાં આવ્યો ન હતો. આના કારણે 9 મેના રોજ વિજયના CM પદના શપથ બીજી વાર ટાળવા પડ્યા હતા. વિજય સતત 3 દિવસ રાજ્યપાલને મળ્યા, સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો VCK તરફથી મૌખિક ખાતરી મળવાને કારણે અભિનેતા વિજય 5 મેથી સતત 3 દિવસ રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર પાસે ગયા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. પરંતુ તેમની પાસે બહુમતી નહોતી. તેથી દર વખતે તેમને પાછા ફરવું પડ્યું હતું. 6 મે અને 7 મેના રોજ વિજયે રાજ્યપાલને TVKના 108 અને કોંગ્રેસના 5 ધારાસભ્યો, કુલ 113 ધારાસભ્યોનું સમર્થન બતાવ્યું હતું. 8 મેના રોજ CPI અને CPI(M) તરફથી સમર્થન પત્ર મળ્યા પછી તેઓ ફરીથી રાજ્યપાલને મળવા લોકભવન ગયા. જોકે, રાજ્યપાલે કહ્યું કે 118 ધારાસભ્યોનું સમર્થન બતાવ્યા વિના તેઓ તેમને સરકાર બનાવવા માટે આમંત્રિત કરી શકતા નથી. તમિલનાડુમાં 4 મેના રોજ પરિણામ પછીની ઘટનાઓ 4 મે- વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા. વિજયની પાર્ટી TVK 234માંથી 108 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની. કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. 5 મે- TVKએ સરકાર બનાવવા માટે સહયોગી પક્ષો સાથે વાતચીત શરૂ કરી. કોંગ્રેસે TVKને સમર્થન આપવાની જાહેરાત કરી. 6 મે- TVK ધારાસભ્ય દળની બેઠક થઈ. વિજયને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા. વિજયે 113 ધારાસભ્યોનો સમર્થન પત્ર રાજ્યપાલને સુપરત કર્યો. 7 મે- વિજયે રાજ્યપાલ સાથે સતત બીજા દિવસે મુલાકાત કરી. રાજ્યપાલે 118 ધારાસભ્યોનું સમર્થન બતાવવાનું કહ્યું. 8 મે- રાજ્યપાલ તરફથી આમંત્રણ મળવામાં વિલંબ થવાને કારણે TVK સુપ્રીમ કોર્ટ પણ પહોંચી. રાજ્યપાલને નિર્દેશ આપવાની



માંગ કરી કે સૌથી મોટી પાર્ટી તરીકે તેને સરકાર બનાવવાની તક આપે. 9 મે- વિજયનો શપથ ગ્રહણ બીજી વાર ટળી ગયો. આ પહેલા 7 મેના રોજ પણ શપથ ટળી ગયા હતા. વિજયના ઘણા સેંકડો ચાહકો ચેન્નઈના જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમથી નિરાશ થઈને પાછા ફર્યા હતા. તમિલનાડુમાં TVKને સમર્થન આપ્યા પછી, VCK ચીફ થૉલ થિરુમાવલવને સ્પષ્ટ કર્યું છે કે તેમની પાર્ટી હજુ પણ DMK ગઠબંધનનો ભાગ છે. તેમણે કહ્યું કે વર્તમાન રાજકીય સંકટ દરમિયાન VCKએ એક સ્વતંત્ર રાજકીય પક્ષ તરીકે TVKને સમર્થન આપવાનો નિર્ણય લીધો છે.

**VCK પછી મુસ્લિમ લીગે પણ TVKને સમર્થન આપ્યું**

VCK પછી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML)એ પણ તમિલનાડુમાં સરકાર બનાવવા માટે TVKને બિનશરતી સમર્થન આપ્યું છે. પાર્ટી પાસે બે ધારાસભ્યો છે. આ પહેલા, દિવસે IUMLએ TVKને સમર્થન આપવાના સમાચારોને નકારી કાઢ્યા હતા. IUMLના રાષ્ટ્રીય અધ્યક્ષ કાદર મોહિદ્દીને કહ્યું હતું કે પાર્ટીએ TVKને કોઈપણ પ્રકારનો સમર્થન પત્ર જારી કર્યો નથી. તેમણે કહ્યું હતું કે IUML સંપૂર્ણ મજબૂતી સાથે DMK-નેતૃત્વવાળા ગઠબંધનનો ભાગ બની રહી છે.

**BJP નેતા સૌંદરરાજને કહ્યું- રાજ્યપાલ બંધારણીય રીતે કામ કરી રહ્યા છે**

તમિલનાડુમાં સરકાર ગઠનને લઈને રાજ્યપાલની ભૂમિકા પર ઉઠી રહેલા સવાલો વચ્ચે BJP નેતા તમિલિસાઈ સૌંદરરાજને કહ્યું કે રાજ્યપાલ સંપૂર્ણપણે બંધારણીય રીતે કામ કરી રહ્યા છે. ચેન્નઈમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે રાજ્યપાલ પર લગાવવામાં આવી રહેલા આરોપોની સખત નિંદા કરી. તમિલિસાઈ સૌંદરરાજને કહ્યું- રાજ્યપાલની કાર્યવાહી રાજકીય નહીં પરંતુ સંપૂર્ણપણે બંધારણીય છે. કારણ કે રાજ્યપાલે વિજયને સમજાવ્યું છે કે સ્થિર સરકાર માટે જરૂરી સંખ્યા હોવી અનિવાર્ય છે. વિજયના શપથમાં વિલંબથી નારાજ TVK કાર્યકર્તાએ પોતાને આગ ચાંપી

તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લામાં TVKના એક કાર્યકર્તાએ વિજયના શપથ ગ્રહણમાં વિલંબથી નારાજ થઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો. માહિતી અનુસાર, ઈસાકિયપ્પન (47)એ શનિવારે પોતાને આગ લગાવી દીધી, જેનાથી તે લગભગ 30 ટકા જેટલા દાઝી ગયા. તેમને ગંભીર હાલતમાં અસારિપલ્લમ સ્થિત સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે કાર્યકર્તા તિરુનેલવેલી જિલ્લાના ચેટ્ટિકુલમ નજીકના એક ગામનો રહેવાસી છે અને TVKની વલ્લિયૂર યુનિયનમાં વોલન્ટિયર્સ વિંગના ઉપ સચિવના પદ પર કાર્યરત છે. નિવૃત્ત IPS એ રાજ્યપાલના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

નિવૃત્ત IPS અધિકારી રામાસુબ્રમણ્યમે રાજ્યપાલ આર્લેકરના તે નિર્ણયને પડકાર્યો છે, જેમાં તેમણે TVK ચીફ વિજયને સરકાર બનાવવા માટે આમંત્રિત કર્યા ન હતા. અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યપાલ વિધાનસભાની બહાર બહુમતી સાબિત કરવાની માંગ કરી શકતા નથી. તેને બંધારણ વિરુદ્ધ ગણાવવામાં આવ્યું છે. અરજદારે કહ્યું કે બહુમતી પરીક્ષણ ફક્ત વિધાનસભાના ફ્લોર ટેસ્ટ દ્વારા જ થઈ શકે છે, ન કે રાજ્યપાલના વિવેકાધિકારના આધારે. અરજીમાં એસ.આર. બોમ્મઈ સહિત સુપ્રીમ કોર્ટના ઘણા ઐતિહાસિક નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અરજદારે સુપ્રીમ કોર્ટ સમક્ષ માગ કરી છે કે TVK ને સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા અને નિર્ધારિત સમય મર્યાદામાં ગૃહમાં બહુમતી સાબિત કરવાની મંજૂરી આપવામાં આવે. TVK નેતા સેલ્વમ બોલ્યા- રાજ્યપાલ RSS-BJP ના ઈશારે ચાલી રહ્યા છે

**TVKના મહાસચિવ પક્ષના ધારાસભ્યોને મળવા રિસોર્ટ પહોંચ્યા**

TVKના મહાસચિવ એન. આનંદ મહાબલીપુરમ સ્થિત ફોર પોઈન્ટ્સ રિસોર્ટ પહોંચ્યા છે.

## અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ખ્યાતિ હોસ્પિટલ કેસમાં આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી

### આગામી સમયમાં થશે ચાર્જફ્રેમ, હાઈકોર્ટે ફરી નીચલી કોર્ટને આ મામલે સાંભળવા આદેશ કર્યો હતો

**તમિલનાડુ, તા.09**

સારવારના નામે કેમ્પ યોજીને દર્દીઓની ખોટી રીતે એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી કરવાના અને બે વ્યકિતના મૃત્યુ નીપજવાના કેસમાં ધરપકડ કરાયેલા ખ્યાતિ હોસ્પિટલના આરોપી કાર્તિક પટેલ, રાજશ્રી કોઠારી, સંજય પટોડિયા અને રાહુલ જૈનની ડિસ્ચાર્જ અરજી અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલની સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં 6070 પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં 30 મહત્ત્વના સાક્ષી, 7 સાક્ષીના મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન છે. કાર્તિક પટેલ સહિતના આરોપીઓએ બિમારીના નામે ગરીબ દર્દીઓને ડરાવી મોટો આર્થિક લાભ મેળવ્યો છે. જ્યારે રાહુલ જૈન, ડો. સંજય પટોડિયા અને રાજશ્રી કોઠારીની પણ મુખ્ય સંડોવણી છે ત્યારે ડિસ્ચાર્જ ન કરી શકાય.

**'ખોટી રીતે એન્જીયોપ્લાસ્ટી-એન્જીયોગ્રાફી કરતા હતા'**

સરકાર તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીની સૂચનાથી ગરીબ અને અભણ દર્દીઓને કાવતરાના ભાગરૂપે હોસ્પિટલમાં લાવી તેઓની ખોટી રીતે એન્જીયોપ્લાસ્ટી અને એન્જીયોગ્રાફી સહિતના ઓપરેશનો કરવામાં આવતાં હોવાના સમગ્ર કૌભાંડની તેને જાણકારી હતી જ, તેમ છતાં તેણે કૌભાંડ આચરવામાં બનતી મદદગારી કરી હતી.

**'આરોપીઓએ વધુ એક વખત કેસમાંથી ડિસ્ચાર્જ થવા અરજી કરી હતી'**

ખ્યાતિ હોસ્પિટલ કાંડ કેસમાં ઝડપાયેલા હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ અને રાહુલ જૈન, રાજશ્રી કોઠારી, ડો. સંજય પટોળિયાની નીચલી કોર્ટે ડિસ્ચાર્જ અરજી ફગાવતા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં હાઈકોર્ટે ફરી નીચલી કોર્ટને આ મામલે સાંભળવા આદેશ કર્યો હતો. જેથી તમામે વધુ એક વખત કેસમાંથી ડિસ્ચાર્જ થવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરાઈ હતી કે તેઓને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યા છે, આ કેસમાં તેઓનો કોઈ રોલ નથી, તેઓએ કોઈ ઓપરેશન કર્યા નથી, ચાર્જશીટ જોતા તેમની સામે કોઈ જ પુરાવા નથી, તેથી કોર્ટે તેમને ડિસ્ચાર્જ કરવો જોઈએ. બીજી તરફ સરકારી વકીલ વિજય બારોટે કોર્ટને જણાવ્યું હતું કે કાર્તિક પટેલ ખ્યાતિકાંડનો મુખ્ય આરોપી છે. આરોપી ખ્યાતિ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલના ચેરમેન છે. આ ગુનાના કાવતરાખોરોનો મુખ્ય હેતુ સરકારની PMJAY યોજનાનો આર્થિક ગેરલાભ મેળવવાનો હતો. આરોપી ખ્યાતિ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલમાં 50.98 ટકા હિસ્સો ધરાવે છે. ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલના આર્થિક વ્યવહારોમાં તથા ઓડિટ રિપોર્ટમાં આર્થિક નુકસાન ના થયાનું આરોપીએ દર્શાવ્યું હતું, હોસ્પિટલના તમામ આર્થિક વ્યવહારો આરોપી દ્વારા દિશાનિર્દેશ થયા છે. જે પુરાવાની દ્રષ્ટિએ ખુબ જ અગત્યના છે. તેમણે વધુમાં દલીલ કરી હતી કે આરોપી મુખ્ય સૂત્રધાર છે. હોસ્પિટલમાં દર્દીઓ લાવવા તથા તે દર્દીઓને PMJAY હેઠળ હોય કે ન હોય ગેરકાયેદસર આર્થિક લાભ મેળવવા માટે આયુષ્યમાન કાર્ડ ન હોય તેવા લોકોને પણ આરોપીઓ મારફતે અન્ય લોકોના ડેટાનો ઉપયોગ કરીને સરકારી વેબસાઈટ સાથે ચેડા કરી કાર્ડ મેળવ્યા હતા. આરોપી સહિતના લોકોએ પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી પોતાને આર્થિક લાભ લેવા માટે માનવ જીવનનું અવમૂલન કરી ગુનાને અંજામ આપ્યો છે. જેમાં રાહુલ જૈનની પણ પુરતી સંડોવણી છે. રાહુલ અને કાર્તિક પટેલ અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાઓમાં ફ્રી મેડીકલ કેમ્પ યોજવા માટે અગાઉ પકડાયેલા આરોપીઓને સુચના આપી હતી. આરોપી કેસની ટ્રાયલ મોડી કરવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે, ચાર્જશીટ જોતા આરોપી સામે પુરતા પુરાવા છે, ત્યારે આવા કેસમાં આરોપીને ડિસ્ચાર્જ ન કરવો જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી છે.

## 'પતિ પોર્ન બતાવતો, સસરા હિડન કેમેરાથી નહાતા-કપડાં બદલતા વીડિયો લેતા'

### પૂર્વ જેલ સુપ્રિટેન્ડેન્ટ સસરાએ વહુને બાહુપાશમાં જકડી અશ્લીલ માગ કરી, પતિના અન્ય મહિલાઓ સાથે સંબંધ

**વડોદરા, તા.09**

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતી 38 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ નિરવ અને પૂર્વ જેલ સુપ્રિટેન્ડેન્ટ રહેલા સસરા અરવિંદ અને સાસુ મીનાબેન વિરુદ્ધ ઘરેલુ હિંસા, દહેજ અને શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાએ આરોપ લગાવ્યો છે કે, સસરાએ તેની પાસે અશ્લીલ માગ કરી હતી. સાથે જ હિડન કેમેરાથી નહાતા અને કપડાં બદલતા વીડિયો બનાવતા હતાં. સાથે જ ખુંખાર કેદીઓથી ગાયબ કરવાની ધમકી આપવાની સાથે બાહુપાશમાં ઝકડી લેતા હતાં. તો પતિ પણ દારૂ, કોલગર્લ્સ અને અન્ય મહિલાઓ સાથેના સંબંધોને લઈને ત્રાસ આપતો હતો. રાણીપ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગેની પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના 2009માં સમાજના રીતરિવાજ




મુજબ નિરવ સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન તેને એક દીકરી અને એક દીકરો છે. મહિલા લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતી હતી અને પિયરે યથાશક્તિ મુજબ દહેજ આપ્યું હતું. તેના વડસસરા નિવૃત ડેપ્યુટી એજ્યુકેશન ડિરેક્ટર તેમજ એગ્રીકલ્ચર મિનિસ્ટરના પર્સનલ સેક્રેટરી રહી ચૂક્યા હતા, જ્યારે સસરા અરવિંદભાઈ જેલ વિભાગમાં સુપ્રિટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. મહિલાના જણાવ્યા મુજબ, શરૂઆતના સાત વર્ષ સુધી તેનું લગ્નજીવન ભારે સંઘર્ષભર્યું રહ્યું હતું. પતિ નિરવ અવારનવાર મિત્રો સાથે દારૂ અને નોનવેજ પાર્ટીઓ કરતો હતો અને મહિલાને પણ તેમાં જોડાવા દબાણ કરતો હતો. મહિલાને આવી પાર્ટીઓ પસંદ ન હોવા છતાં પતિ તેને ફેશનેબલ બનવા માટે દબાણ કરતો હતો. સાસરીયાઓએ તેને ભણવા અને સરકારી નોકરી મેળવવા બાબતે પણ રોકટોક કરી હતી અને કહેતા હતા કે, તારે આખી જિંદગી રસોડામાં જ કાઢવાની છે. સસરા વિરુદ્ધ જેલમાં નાણાની ઉચાપતનો કેસ થતા તેમને છોડાવવા માટે એક લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ ઘરમાં દારૂ અને નોનવેજ પાર્ટીઓ વધી ગઈ હતી અને પતિએ ઘરમાં જ દારૂનું વેચાણ શરૂ કરી દીધું હતું. મહિલાએ આરોપ લગાવ્યો છે કે, પતિ તેને તેના દેખાવ અંગે અપમાનિત કરતો હતો અને જબરદસ્તી પોર્ન ફિલ્મો બતાવી બાદમાં શરીર સંબંધ બાંધતો હતો.

## માતર મેજિસ્ટ્રેટ કોર્ટે પોલીસ વિરુદ્ધ કાઢેલ સમન્સ હાઈકોર્ટે સ્ટે કર્યું

**નડિયાદ, તા.09**

ખેડા જિલ્લાના માતરમાં મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા 6 પોલીસકર્મીઓને પાઠવવામાં આવેલા સમન્સ પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. વર્ષ 2022માં ઉંધેલા ગામમાં બનેલી જાહેરમાં ફટકારવાની ઘટનામાં થયેલી હુમલાની ફરિયાદ અંગેની તપાસ બાદ આ સમન્સ બજાવવામાં આવ્યા હતા. વર્ષ 2022માં નવરાત્રી દરમિયાન ગરબાના કાર્યક્રમમાં પથ્થરમારાની ઘટના બની હતી. તેના પછીના દિવસે 4 ઓક્ટોબર, 2022ના રોજ, કથિત રીતે પથ્થરમારામાં સામેલ લઘુમતી સમુદાયના સભ્યોને જાહેરમાં લાકડીઓથી ફટકારવામાં આવ્યા હતા. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાઈરલ થયા હતા. ફરિયાદી અયુબ શેખે 13 પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ષડયંત્ર અને હુમલાની ફરિયાદ માતરની JMFC કોર્ટમાં દાખલ કરી હતી. પુરાવાઓના આધારે મેજિસ્ટ્રેટ કોર્ટે 2 મેના રોજ 6



પોલીસ અધિકારીઓ વિરુદ્ધ IPCની કલમ 323-હુમલો અને 166-જાહેર સેવક દ્વારા કાયદાનું ઉલ્લંઘન હેઠળ ગુનાની નોંધ લઈને તેમને સમન્સ પાઠવ્યા હતા. સમન્સ LCB PI એ.વી.પરમાર, ડી.વી. કુમાવત, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ ડાભી, વિષ્ણુભાઈ હરજીભાઈ, કોન્સ્ટેબલ અર્જુનસિંહ ફતેહસિંહ, રાજેન્દ્રસિંહ રમેશભાઈને નીકળ્યા હતા. આ તમામ પોલીસકર્મીઓએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે JMFC કોર્ટે કાનૂની જોગવાઈઓ ધ્યાનમાં લીધી નથી. તેઓએ રજૂઆત કરી હતી કે જ્યારે કોઈ જાહેર સેવક પોતાની ફરજ દરમિયાન કરેલા કાર્ય માટે આરોપી હોય, ત્યારે તેને ખુલાસો કરવાની તક આપ્યા વિના અથવા તેના ઉપરી અધિકારીનો રિપોર્ટ મેળવ્યા વિના તેની વિરુદ્ધ નોંધ લઈ શકાય નહીં. આ કેસમાં JMFC કોર્ટે નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કર્યું નથી. પ્રાથમિક સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે આ કેસ દાખલ કર્યો છે અને આગામી આદેશ સુધી કાર્યવાહી પર સ્ટે આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી 17 ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. અગાઉ હાઈકોર્ટે આ કેસમાં વીડિયોમાં જોવા મળેલા ચાર પોલીસકર્મીઓને કોર્ટના તિરસ્કાર બદલ દોષિત ઠેરવી 14 દિવસની જેલની સજા ફટકારી હતી. જો કે સુપ્રીમ કોર્ટે હાલમાં તે સજાના આદેશ પર રોક લગાવી દીધી છે.

## ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે ડિપ્લોમા ટુ ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ : અમદાવાદ-રાજકોટ સહિતના કેન્દ્રો પર વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા, આન્સરશીટ ઓનલાઈન મૂકાશે

**અમદાવાદ, તા.09**

ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીની કોલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યભરમાં 1200 બેઠક પર 341 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં 103 વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી છે. જ્યાં 4 બિલ્ડિંગમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ડિગ્રી ટુ ડિપ્લોમા ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના આધારે જ પ્રવેશ આપવામાં આવતો હોય છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે, જેથી પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ ઘણી મહેનત કરી છે. શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ડિપ્લોમા ઇજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષ એટલે કે ત્રીજા સેમેસ્ટર માટે તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષ એટલે કે



ત્રીજા સેમેસ્ટર માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની પરીક્ષા લેવાઈ હતી. સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકો પર પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા ઓફલાઈન પરીક્ષા લેવાનું આયોજન કરાયું હતું. આજે સવારે 11થી બપોરે 1 વાગ્યા સુધી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાં 10 સેન્ટરમાં પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિત 10 સેન્ટર પર પરીક્ષા લેવામાં આવશે. રાજ્યની ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીની 100થી વધુ ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે પરીક્ષા લેવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ 1200થી વધુ બેઠકો માટે ડિપ્લોમા ટુ ડીગ્રી એન્ટ્રન્સ ટેસ્ટ આપી.

રાજ્યના વિવિધ સેન્ટર પર 200 માર્કસની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં બેઝિક ઓફ ફાર્મસી અને એપ્ટિટ્યુડ ટેસ્ટમાં ડિપ્લોમા કક્ષાના ફાર્મસીના પ્રશ્નો પૂછાયા હતા. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની આન્સરશીટ 10 મેના રોજ ઓનલાઈન મૂકવામાં આવશે. તો પરીક્ષાનું પરિણામ મે મહિનાના અંત સુધીમાં જાહેર થઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. સરકારના નિયમ અનુસાર DDCET 2026ના ગુણના આધારે મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. જે બાદ જૂન મહિનાના બીજા સપ્તાહથી ડિપ્લોમાથી ડિગ્રીના પ્રવેશ પ્રક્રિયા માટેનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. એલ.ડી એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અને ઓરિજનલ ડોક્યુમેન્ટ ચેક કર્યા બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને માત્ર ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ જ સાથે રાખીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેમજ પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે વિદ્યાર્થીઓને ચેક કરીને જ સેન્ટર પર પ્રવેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થિની ચૌહાણ તન્વીએ જણાવ્યું હતું કે, ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીની કોલેજોમાં પ્રવેશ લેવા માટે પરીક્ષા આપવા આવ્યા છીએ. પરીક્ષા માટે તૈયારી પણ ખૂબ સારી કરી છે. પરંતુ પહેલી વખત પરીક્ષા આપતા હોવાથી થોડો ડર લાગી રહ્યો છે. જો કે કોલેજ દ્વારા પરીક્ષાની તૈયારી પણ સારી કરાવી છે. ડિપ્લોમા ટુ ફાર્મસીની પરીક્ષા સરળ રહેતી નથી. જેથી પરીક્ષા માટે ખૂબ તૈયારી કરવી પડે છે. બીજી કોઈ તૈયારી સાથે કરી પણ શકતા નથી. વિદ્યાર્થિની ખુશબુ રાજપૂતે જણાવ્યું હતું કે, પહેલી વખત પરીક્ષા આપતા હોવાથી થોડો ડર લાગી રહ્યો છે. પેપર કેવું પુછાશે તે વિચારીને ડર લાગી રહ્યો છે. સરકારી કોલેજમાં પ્રવેશ લેવો છે જેથી આ પરીક્ષા ખૂબ જરૂરી છે. સારું પરિણામ આવશે તો સારી કોલેજમાં એડમિશન મળી શકશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# સંસદના કઠેડામાં ટ્રમ્પ સરકાર : રાષ્ટ્રપતિ પાગલ છે? અમેરિકન સેનેટમાં સન્નાટો, સાત સ્ફોટક સવાલોથી રક્ષામંત્રી હેગસેથ પરસેવે રેબઝેબ

## ટૂંકમાં પૂરી વાર્તાનો સાર એ થઈ જાય કે આવું કહીને પીટ હેગસેથ એકરીતે અમેરિકાના બંધારણની મૂળ ભાવના પર જ એટેક કરે છે.





**નવી દિલ્હી, તા.09**

તારીખ હતી 30 એપ્રિલ 2026, અમેરિકાના વોશિંગ્ટનમાં ઘડિયાળના ટકોરે બરોબર 11 વાગ્યાનો સમય હતો. વોશિંગ્ટન ડીસીની કેપિટલ હિલ પાસેની ડિર્કસન સેનેટ બિલ્ડિંગ અંદાજે 100 લોકોથી ખીચોખીચ ભરેલી હતી. સેનેટ હોલમાં એસી ચાલુ હતું તો પણ ટ્રમ્પના ટોપ અધિકારીઓને ઠંડીમાં પણ પરસેવો વળી રહ્યો હતો. કેપિટલ હિલ પર લાઈટો ચાલુ હતી પણ લોકશાહીના કોરિડોરમાં લગભગ અંધારું છવાયું હતું. ટ્રમ્પ સરકારના 3 હાઈ લેવલ અધિકારી, સંસદના 27 સેનેટ સહિતના લોકો ભેગા થયા હતા ઈરાન યુદ્ધના કારણે. અમેરિકાના વોર પાવર્સ એક્ટ 1973નું કહેવું છે કે રાષ્ટ્રપતિ સંસદને જાણ કર્યા વગર 60 દિવસ જ સેનાને બીજા દેશમાં હુમલો કરવા મોકલી શકે, કાયદા મુજબ અમેરિકન સૈનિકોને પાછા આવી જવાનું હોય પણ ટ્રમ્પ સહિત વ્હાઈટ હાઉસનું કહેવું હતું કે યુદ્ધ ચાલુ રહેશે. યુદ્ધના બરોબર 62મા દિવસે અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથ યુદ્ધ લંબાવવા અને વધુ ડોલરની ગ્રાન્ટ મંજૂર કરાવવા સંસદના કઠેડામાં ઉભા હતા. આજે યુદ્ધને 67 દિવસ થઈ ગયા છે. યુદ્ધ મામલે સંસદે તેમને ઝપેટામાં લઈ લીધા અને સવાલોનો વરસાદ વરસાવ્યો. સેનેટ સભ્યો મુજબ કારણ વગરનું યુદ્ધ, 170થી વધુ બાળકીઓના મોત, તેલ-ગેસના આસમાને પહોંચતા ભાવ અને કરોડોની નફાખોરીના આરોપો વચ્ચે ટ્રમ્પના રક્ષામંત્રી હેગસેથની અગ્નિ પરીક્ષા ચાલી રહી હતી. એક સમાન્ય નાગરિક તરીકે સવાલ થાય કે ત્યાં શું થયું હતું? યુદ્ધ રોકાશે કે ખેંચાશે? ટ્રમ્પને રોકવા કે યુદ્ધને રોકવું? આવા જ ખતરનાક સવાલોની ડાર્ક ફાઈલને આજે આપણે ખોલીને લોકોના બધા સવાલોના જવાબ આપીશું. આ આખી વાત કરતા પહેલા આપણે થોડું ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે. 1960ના દાયકા પછી અમેરિકા અને વિયેતનામનું યુદ્ધ ચાલ્યું હતું. જેમાં અમેરિકાને આર્થિક અને જાનમાલ બંનેનું ભારે નુકસાન થયું હતું. જેનાથી બોધપાઠ લઈને અમેરિકાને 1973માં કાયદો બનાવ્યો. કારણ હતું કે રાષ્ટ્રપતિ કે કોઈ ચોક્કસ નેતા પોતાની મરજીથી દેશને લાંબા અને ખર્ચાળ યુદ્ધમાં ન ઝોંકી દે, આ કાયદા મુજબ, રાષ્ટ્રપતિએ કોઈ પણ સેના બીજા દેશમાં મોકલે તો 48 કલાકમાં સંસદને જાણ કરવી પડે છે. ટ્રમ્પે 28 ફેબ્રુઆરી 2026એ ઈરાન સામે યુદ્ધ શરૂ કર્યું તેના પછી 2 માર્ચે સંસદને સૈન્ય કાર્યવાહી વિશે જાણકારી આપી હતી. ટૂંકમાં કાયદાકીય રીતે 2 માર્ચથી અમેરિકા યુદ્ધમાં ઝોંકાઈ ગયું હતું. 1 મેના રોજ યુદ્ધને 60 દિવસ પૂરા થયા હતા. હવે અમેરિકાના નિયમ મુજબ જો સંસદે યુદ્ધ માટે ઓફિશિયલ મંજૂરી ન આપી હોય તો રાષ્ટ્રપતિ પાસે માત્ર 30 દિવસ વધે છે અને એ પણ સૈનિકોને સુરક્ષિત રીતે અમેરિકા પાછા લાવવા માટે. ટૂંકમાં રાષ્ટ્રપતિ 60 દિવસથી વધુ યુદ્ધ સંસદની મંજૂરી વગર ખેંચી ન શકે. પણ અહીં તો કંઈક અલગ જ ખેલ ચાલી રહ્યો છે. જો પીટ હેગસેથનો આ તર્ક માની લેવામાં આવે તો ભવિષ્યમાં કોઈ પણ રાષ્ટ્રપતિ લશ્કરી કવાયત કે યુદ્ધના 59મા દિવસે સીઝફાયર જાહેર કરી દેશે અને ફરી યુદ્ધ શરૂ કરીને નવી 60 દિવસનો ટાઈમ મેળવી લેશે. જો આવું થાય તો સંસદની સત્તા જ શૂન્ય થઈ જાય. ટૂંકમાં પૂરી વાર્તાનો સાર એ થઈ જાય કે આવું કહીને પીટ હેગસેથ એકરીતે અમેરિકાના બંધારણની મૂળ ભાવના પર જ એટેક કરે છે. આ આખી લડાઈના સેન્ટરમાં છે પીટ હેગસેથ. એક સમયે જે વ્યક્તિ ફોક્સ ન્યૂઝના સ્ટુડિયોમાં બેસીને એનાલિસિસ આપતા હતા, આજે તે દુનિયાની સૌથી શક્તિશાળી સેનાના ડિફેન્સ સેક્રેટરી છે. પણ ડિફેન્સ સેક્રેટરી બનવા પર સેનેટમાં ગઈકાલે તેમની લાયકાત પર સવાલો ઉઠ્યા કે તેઓ અનુભવ વગર રક્ષામંત્રી બની ગયા છે. આ પીટ હેગસેથ માટે સૌથી નેગેટિવ વાત હતી. સેનેટર જેક રીડે તેમને સીધો સવાલ કર્યો કે, 'તમે ક્યારેય 1.3 મિલિયન સૈનિકોની ફોજ અને 800 અબજ ડોલરનું બજેટ સંભાળ્યું નથી, તો તમે પેન્ટાગોન ચલાવવા માટે સક્ષમ

# બિહારમાં વીજળી-વૃક્ષ પડવાથી 9 લોકોનાં મોત : ઉત્તર પ્રદેશ સહિત 6 રાજ્યોમાં વાવાઝોડું-વરસાદ; રાજસ્થાન-એમપીમાં તાપમાન 43°Cને પાર

## ટ્રમ્પને ત્રીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડવી હોય તો તેમને અમેરિકી બંધારણમાં ફેરફાર કરવો પડશે



**ભોપાલ, તા.09**

ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાનમાં શુક્રવારે વરસાદ સાથે કરા પડ્યા. જ્યારે મધ્ય ભારતમાં ફરીથી તીવ્ર ગરમી પડવા લાગી છે. બિહારના પટના સહિત 7 જિલ્લામાં શુક્રવારે ભારે પવન સાથે વરસાદ થયો. વૃક્ષો અને વીજળી પડવાથી 9 લોકોના મોત થયા. સૌથી વધુ 5 મોત રાજધાની પટનામાં થયા. વાવાઝોડામાં 600થી વધુ વૃક્ષો પણ પડી ગયા. ઉત્તર પ્રદેશના આગ્રા અને જાલૌનમાં વરસાદ થયો. મઉમાં કરા પણ પડ્યા. શનિવારે 17 જિલ્લામાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાનું એલર્ટ છે. જ્યારે રાજસ્થાનનું બાડમેર દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીં તાપમાન 44.6C નોંધાયું. જ્યારે જેસલમેર અને ફલોદીમાં તાપમાન 44C રહ્યું. મધ્ય પ્રદેશના 13 જિલ્લામાં આજે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. શુક્રવારે રતલામમાં પારો 43.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો. આ તરફ, ગુજરાતના અમદાવાદમાં તાપમાન 43.1C અને મહારાષ્ટ્રના વાશિમમાં તાપમાન 42.8C નોંધાયું.

હિમાચલ પ્રદેશના શિમલામાં શુક્રવારે વરસાદ સાથે કરા પડ્યા. જેના કારણે રસ્તા પર ચાર ઈંચથી વધુ જાડું પડ છવાઈ ગયું. તેને હટાવવા માટે બાદમાં જેસીબી મશીનો લગાવવી પડી. સફરજનના પાક અને બગીચાઓને કરાથી બચાવવા માટે લગાવવામાં આવેલી એન્ટી હેલ નેટ પણ તૂટી ગઈ. ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢમાં હળવો વરસાદ અને ગાજવીજની સંભાવના છે. પઠાણકોટ, રૂપનગર અને એસએએસ નગર (મોહાલી)માં છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડું અને વીજળી પડવાની સંભાવના છે.

રાજ્યોમાંથી હવામાનના સમાચાર

1. રાજસ્થાન: વાવાઝોડામાં ટીન શેડ સાથે વૃદ્ધ ઉડ્યા, મૃત્યુ; 3 જિલ્લામાં હીટવેવની ચેતવણી, 4 જિલ્લામાં વરસાદનું એલર્ટ

રાજ્યના પશ્ચિમી જિલ્લાઓમાં શુક્રવારથી હીટવેવનો દોર શરૂ થઈ ગયો. જેસલમેર અને બાડમેરમાં પારો 44C પર પહોંચી ગયો. જ્યારે નાગૌર, અજમેર, ટોંક અને સવાઈ માધોપુરના વિસ્તારોમાં બપોર પછી હળવો વરસાદ થયો. બુંદીમાં ભારે વાવાઝોડામાં ટીનશેડ સાથે એક વૃદ્ધ ઉડી ગયા. તેઓ સીધા 80 ફૂટ દૂર જઈને પડ્યા, જેના કારણે તેમનું મૃત્યુ થયું.

2. મધ્યપ્રદેશ: 13 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ; જબલપુર, નર્મદાપુરમ-રીવા સંભાગમાં વધુ અસર, કાલથી ગરમી વધશે

ભોપાલ, છિંદવાડા અને રાયસેન સહિત 20 થી વધુ જિલ્લાઓમાં શુક્રવારે વાવાઝોડા સાથે હળવો વરસાદ થયો. જ્યારે, દિવસ દરમિયાન ઘણા જિલ્લાઓમાં ગરમીનો પ્રભાવ રહ્યો. રતલામમાં પારો 43.5C પર પહોંચી ગયો. જ્યારે શાજાપુર 42.6C સાથે રાજ્યનો સૌથી ગરમ જિલ્લો રહ્યો.

3. ઉત્તર પ્રદેશ: 17 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ, 2 દિવસ પછી ગરમી પડશે, પારો 45C પાર પહોંચશે

રાજ્યના 17 જિલ્લામાં આજે વરસાદનું એલર્ટ છે. આ દરમિયાન 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. છેલ્લા 24 કલાકમાં આગ્રા, જાલૌન, લલિતપુર અને મઉમાં તેજ પવન સાથે વરસાદ થયો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બે દિવસ પછી તાપમાનમાં ધીમે ધીમે વધારો થશે. તાપમાન 45C ને પાર પહોંચી શકે છે.

4. બિહાર: વાવાઝોડા-વરસાદથી 9 લોકોના મોત, પટનામાં 200 વૃક્ષો ધરાશાયી; આજે 20 જિલ્લામાં વરસાદનું એલર્ટ રાજ્યમાં છેલ્લા 10 દિવસથી ભારે પવન અને વરસાદનો દોર ચાલુ છે. શુક્રવારે પટનામાં 135Kmphની ઝડપે પવન સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ વૃક્ષો અને વીજળી પડવાથી રાજ્યભરમાં 9 લોકોના મોત થયા.

# રિપોર્ટ- ઈસ્લામાબાદમાં આવતા અઠવાડિયે શાંતિ વાત થઈ શકે : ટ્રમ્પે કહ્યું- અમેરિકી પ્રસ્તાવ પર ઈરાની જવાબની રાહ

**નવી દિલ્હી, તા.09**

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઓછો કરવા માટે આવતા અઠવાડિયે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ફરીથી વાતચીત શરૂ થઈ શકે છે. વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, બંને દેશો મધ્યસ્થીઓ દ્વારા એક સમજૂતીના ડ્રાફ્ટ પર કામ કરી રહ્યા છે, જેનાથી એક મહિના સુધી ચાલનારી ઔપચારિક વાટાઘાટોનો માર્ગ ખુલી શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા તરફથી પ્રસ્તાવિત 14 મુદ્દાવાળા ડ્રાફ્ટમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ, હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ ઓછો કરવા અને ઈરાનના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને કોઈ બીજા દેશમાં મોકલવા જેવા મુદ્દાઓ શામેલ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમને ઈરાન તરફથી જલ્દી જવાબ મળવાની આશા છે. જો વાતચીત આગળ વધી તો યુદ્ધવિરામને વધુ લંબાવી શકાય છે. સાથે જ અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તે પોતાના ન્યુક્લિયર પ્રોગ્રામ કે હાઈલી એનરિચ્ડ યુરેનિયમ પર કોઈ સમજૂતી નહીં કરે.

પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાન અને અમેરિકા વચ્ચે 11-12 એપ્રિલે ઈસ્લામાબાદમાં પહેલા રાઉન્ડની વાતચીત થઈ હતી. 21 કલાક સુધી આ વાર્તા ચાલવા છતાં નિષ્ફળ રહી હતી. બીજા તબક્કાની વાતચીત માટે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી 24 એપ્રિલે ઈસ્લામાબાદ



પહોંચ્યા હતા. પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના દૂત સ્ટીવ વિટકૉફ અને જમાઈ જેરેડ કુશનરનો પાકિસ્તાન પ્રવાસ રદ કર્યો હતો. બીજા તબક્કાની વાતચીત માટે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી 24 એપ્રિલે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના દૂત સ્ટીવ વિટકૉફ અને જમાઈ જેરેડ કુશનરનો પાકિસ્તાન પ્રવાસ રદ કર્યો હતો.

1. ઈરાન બોલ્યું- હોર્મુઝમાં દખલગીરી કરી તો યુદ્ધ ફરી શરૂ થશે: ઈરાને અમેરિકાને ચેતવણી આપી કે જો તેણે હોર્મુઝ સ્ટ્રેટમાં ફરી દખલગીરી કરી તો ક્ષેત્રમાં ફરીથી યુદ્ધ શરૂ થઈ શકે છે.

2. અમેરિકાનો દાવો- 70થી વધુ જહાજોને રોક્યા: યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ કહ્યું કે તેણે 70થી વધુ જહાજોને ઈરાની બંદરો સુધી પહોંચતા અથવા ત્યાંથી નીકળતા રોક્યા. અમેરિકા મુજબ આ જહાજોમાં 13 અબજ ડોલરથી વધુ કિંમતનું તેલ લઈ જવાની ક્ષમતા હતી.

3. UAE પર મિસાઈલ અને ડ્રોન હુમલાનો દાવો: UAE એ કહ્યું કે ઈરાને 2 બેલિસ્ટિક મિસાઈલ અને 3 ડ્રોન છોડ્યા, જેને એર ડિફેન્સ સિસ્ટમે હવામાં નષ્ટ કરી દીધા. હુમલામાં 3 લોકો ઘાયલ થયા હોવાની માહિતી આપવામાં આવી.

4. ઈરાન-અમેરિકા વચ્ચે 30 દિવસના કરાર પર ચર્ચા: રિપોર્ટ્સ અનુસાર, બંને દેશો 30 દિવસ સુધી સંઘર્ષ રોકવા અને હોર્મુઝ સ્ટ્રેટને વ્યાપારી જહાજો માટે ખોલવાના પ્રસ્તાવ પર વાતચીત કરી રહ્યા છે. પરમાણુ કાર્યક્રમ અને એનરિચ્ડ યુરેનિયમ હજુ સૌથી મોટો વિવાદ બની રહ્યો છે.

5. હોર્મુઝ સંકટથી તેલ અને સોનાની કિંમતોમાં ઉછાળો: હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધ્યા બાદ બ્રેન્ટ ક્રૂડ 103 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું. જ્યારે અમેરિકા-ઈરાન કરારની આશાથી સોનાની કિંમતોમાં તેજી જોવા મળી.

# અમેરિકાએ UFO આધારિત પ્રથમ ફાઈલો જાહેર કરી: દાવો-સ્પેસક્રાફ્ટમાંથી 4 ફૂટ લાંબા રહસ્યમય જીવો ઉતર્યા, સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેર્યા હતા

**વોશિંગ્ટન ડીસી, તા.09**

શુક્રવારે અમેરિકામાં લાંબા સમયથી ચર્ચામાં રહેલી UFO ફાઈલોનો પ્રથમ જથ્થો જાહેર કરવામાં આવ્યો. ટ્રમ્પ વહીવટીતંત્રે સેંકડો નવા વીડિયો, ફોટા અને જૂના સરકારી રેકોર્ડ સાર્વજનિક કર્યા. FBIના ગુપ્ત દસ્તાવેજોમાં જણાવાયું છે કે 1960ના દાયકામાં કેટલાક લોકોએ UFOમાંથી નાના કદના રહસ્યમય જીવોને બહાર નીકળતા જોયા હોવાનો દાવો કર્યો હતો. FBI રેકોર્ડમાં જણાવાયું છે કે, "કેટલાક સાક્ષીઓએ દાવો કર્યો હતો કે તેઓએ આ વસ્તુઓમાંથી બહાર નીકળતા ક્રૂ મેમ્બર્સને જોયા હતા." રિપોર્ટ અનુસાર, આ જીવોની લંબાઈ લગભગ સાડા ત્રણથી ચાર ફૂટ જણાવવામાં આવી હતી. સાક્ષીઓએ જણાવ્યું કે તેઓ સ્પેસ સૂટ અને હેલ્મેટ જેવા કપડાં પહેરેલા હતા. FBIના દસ્તાવેજોમાં જણાવાયું છે કે 1965માં વિશ્વભરમાં સૌથી વધુ UFO જોવા મળ્યા હોવાના બનાવો નોંધાયા હતા.

FBI દ્વારા જારી કરાયેલા આ દસ્તાવેજમાં જણાવાયું છે કે કેટલાક લોકોએ UFOમાંથી રહસ્યમય જીવોને ઉતરતા જોયા હોવાનો દાવો કર્યો હતો. ચંદ્ર પર



રહસ્યમય વસ્તુઓ દેખાવાનો દાવો જાહેર કરાયેલા દસ્તાવેજોમાં NASAના એપોલો 12 અને એપોલો 17 મિશન સાથે સંબંધિત તસવીરો અને વાતચીતના રેકોર્ડ પણ સામેલ છે. એક તસવીરમાં ચંદ્રની સપાટી ઉપર આકાશમાં ત્રણ રહસ્યમય બિંદુઓ દેખાવાનો દાવો કરવામાં આવ્યો છે. સૌથી રસપ્રદ ભાગ એપોલો 17 મિશનનો ટ્રાન્સક્રિપ્ટ માનવામાં આવી રહ્યો છે. તેમાં અવકાશયાત્રીઓ ઉડાન દરમિયાન અવકાશયાનની નજીક ચમકતી વસ્તુઓ દેખાવાની વાત કરતા સંભળાઈ રહ્યા છે. એક ઓપરેટરે મિશન કંટ્રોલને કહ્યું, "કેટલાક ચમકતા કણો કે ટુકડાઓ અમારી પાસેથી પસાર થતા દેખાઈ રહ્યા છે." તેના જવાબમાં બીજા ઓપરેટરે કહ્યું, "મારી બારીની બહાર ઘણી ચમકતી વસ્તુઓ દેખાઈ રહી છે. એવું લાગી રહ્યું છે કે જાણે આતિશબાજી થઈ રહી હોય." રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા મહિના પહેલા સંરક્ષણ મંત્રી પીટ હેગસેથને UFO અને કથિત એલિયન ગતિવિધિઓ સંબંધિત રેકોર્ડ જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. ફાઈલો જાહેર થયા પછી ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે તેમણે સરકારની એજન્સીઓને એલિયન લાઈફ, UFO અને UAP સંબંધિત માહિતી જનતા સમક્ષ મૂકવા કહ્યું હતું. આ ફાઈલો સામે આવ્યા પછી સોશિયલ મીડિયા પર UFO અને એલિયન જીવનને લઈને ચર્ચા તેજ બની ગઈ છે. જોકે, અમેરિકી સરકારે પહેલા પણ સ્પષ્ટ કર્યું છે કે તેને અત્યાર સુધી એલિયન જીવન કે એલિયન ટેકનોલોજીનો કોઈ પાક્કો પુરાવો મળ્યો નથી. પેન્ટાગોનના અગાઉના અહેવાલોમાં પણ કહેવામાં આવ્યું હતું કે ઘણા UFO વીડિયો અને તસવીરો પાછળથી સૈન્ય ટેકનોલોજી અથવા કુદરતી ઘટનાઓ હોવાનું બહાર આવ્યું હતું. પેન્ટાગોન દ્વારા જારી કરાયેલા દસ્તાવેજોમાં 1999ના નવા વર્ષની પૂર્વ સંધ્યાએ FBI દ્વારા લેવાયેલી કેટલીક તસવીરો પણ સામેલ છે. આમાં અમેરિકી લશ્કરી વિમાનો નજીક કેટલીક રહસ્યમય વસ્તુઓ દેખાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, લશ્કરી પાઈલટો દ્વારા લેવાયેલી તસવીરો પણ જારી કરવામાં આવી છે, જેમાં ઝડપી ગતિએ ઉડતી વસ્તુઓ વિમાનો પાસેથી પસાર થતી દેખાય છે. એક ડિક્લાસિફાઈડ લશ્કરી રિપોર્ટમાં એક અધિકારીએ જણાવ્યું કે તેણે આકાશમાં ઘણી ચમકતી વસ્તુઓને ઝડપથી આગળ વધતી જોઈ. રિપોર્ટ અનુસાર, તેમાંથી એક વસ્તુને વિમાનના ટાર્ગેટિંગ સિસ્ટમ દ્વારા લગભગ 20 સેકન્ડ સુધી ટ્રેક કરવામાં આવી હતી, પરંતુ બાદમાં તે અચાનક ગાયબ થઈ ગઈ. નવી UFO ફાઈલોમાં ઓમાનના અખાત ઉપર દેખાયેલી એક રહસ્યમય વસ્તુની તસવીર સામે આવી છે. દાવો કરવામાં આવ્યો છે કે 2024માં ઈન્ફ્રારેડ સેન્સરે ઝડપી ગતિએ ઉડતી આંસુ જેવા આકારની આ વસ્તુને રેકોર્ડ કરી હતી. જોકે અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે આ માત્ર પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો છે. તેમને કોઈ એલિયન કે UFOની પાકી પુષ્ટિ માનવી ન જોઈએ. અમેરિકી સાંસદોએ કહ્યું છે કે શુક્રવારે જાહેર કરાયેલા દસ્તાવેજો માત્ર શરૂઆત છે. આવનારા સમયમાં વધુ રેકોર્ડ સાર્વજનિક કરવામાં આવશે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે આગળની ફાઈલો ક્યારે જાહેર થશે. અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું કે સરકાર UFO મામલાઓમાં વધુ પારદર્શિતા લાવવા માંગે છે. સરકારનું કહેવું છે કે જનતાને વધુમાં વધુ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી લોકો પોતે નક્કી કરી શકે કે આ ઘટનાઓનો શું અર્થ છે.

# અમેરિકાએ વેનેઝુએલાથી હાઈલી એનરિચ્ડ યુરેનિયમ હટાવ્યું : 13.5 કિલો ન્યુક્લિયર મટિરિયલ વોશિંગ્ટન લાવવામાં આવ્યું, હવે તેને અમેરિકા પ્રોસેસ કરશે

**વોશિંગ્ટન ડીસી, તા.09**

અમેરિકાએ વેનેઝુએલામાંથી 13.5 કિલો અત્યંત સમૃદ્ધ યુરેનિયમ હટાવ્યું છે. આ યુરેનિયમ ઘણા વર્ષોથી ત્યાંના એક જૂના રિસર્ચ રિએક્ટરમાં રાખવામાં આવ્યું હતું. અમેરિકાએ શુક્રવારે જણાવ્યું કે યુરેનિયમને કારાકાસ નજીક આવેલી સાઈટ પરથી હટાવવામાં આવ્યું અને પછી સુરક્ષિત રીતે અમેરિકા મોકલવામાં આવ્યું. આ ઓપરેશન અમેરિકા, વેનેઝુએલા, બ્રિટન અને IAEA એ સાથે મળીને કર્યું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી અનુસાર યુરેનિયમને જમીન અને સમુદ્ર માર્ગે અમેરિકા પહોંચાડવામાં આવ્યું. તેને હવે સાઉથ કેરોલિનાના સવાના રિવર પરમાણુ સાઈટમાં પ્રક્રિયા કરવામાં આવશે. અમેરિકી એજન્સી નેશનલ ન્યુક્લિયર સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (NNSA) એ જણાવ્યું કે આ ઓપરેશન દક્ષિણ અમેરિકા અને યુએસની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. એજન્સી અનુસાર વેનેઝુએલાનું RV-1 રિસર્ચ રિએક્ટર ઘણા દાયકાઓ સુધી ન્યુક્લિયર રિસર્ચ માટે ઉપયોગમાં લેવાતું હતું. 1991માં રિસર્ચ બંધ થયા પછી પણ ત્યાં અત્યંત સમૃદ્ધ યુરેનિયમ રાખવામાં આવ્યું હતું.

અમેરિકી અધિકારીઓ અનુસાર, આ કામ છ અઠવાડિયાથી પણ ઓછા સમયમાં પૂરું થયું. યુરેનિયમને ખાસ કન્ટેનરમાં પેક કરવામાં આવ્યું. ત્યારબાદ લગભગ 100 માઈલ સડક માર્ગે બંદરગાહ સુધી લઈ જવામાં આવ્યું. ત્યાંથી બ્રિટનની ન્યુક્લિયર ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સ કંપનીના જહાજ દ્વારા અમેરિકા મોકલવામાં આવ્યું. NNSAના ડેપ્યુટી એડમિનિસ્ટ્રેટર ડો. મેટ નેપોલી પણ આ મિશનની દેખરેખ માટે વેનેઝુએલા પહોંચ્યા




હતા. તેમણે કહ્યું કે ટીમના અનુભવને કારણે આ ઓપરેશન સફળ રહ્યું. આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) એ પણ ઓપરેશનની પુષ્ટિ કરી. એજન્સીએ કહ્યું કે આ એક જટિલ અને સંવેદનશીલ ઓપરેશન હતું. NNSA મુજબ, 1996 થી અત્યાર સુધી એજન્સી દુનિયાના ઘણા દેશોમાંથી 7,350 કિલોથી વધુ હાઈલી એનરિચ્ડ યુરેનિયમ અને પ્લુટોનિયમ હટાવવાનું કે સુરક્ષિત કરવાનું કામ કરી ચૂકી છે. રિપોર્ટ મુજબ, ટ્રમ્પ પ્રશાસન લાંબા સમયથી ઈરાન પાસે રહેલા હાઈલી એનરિચ્ડ યુરેનિયમ અંગે દબાણ બનાવી રહ્યું છે. ઈરાન પાસે આવું લગભગ 408 કિલો યુરેનિયમ હોવાનું કહેવાય છે. જોકે, અમેરિકા હજુ સુધી તેને હટાવવામાં સફળ થયું નથી. અમેરિકા અને વેનેઝુએલાના સંબંધોમાં પણ બદલાવ જોવા મળ્યો છે. તાજેતરના મહિનાઓમાં CIA ડિરેક્ટર જ્હોન રેટક્લિફ સહિત ઘણા અમેરિકી અધિકારીઓ વેનેઝુએલા પહોંચ્યા. સાત વર્ષ પછી બંને દેશો વચ્ચે કોમર્શિયલ ફ્લાઈટ પણ શરૂ થઈ છે. અમેરિકી દૂતાવાસ પણ ફરીથી ખોલવામાં આવ્યું છે. વેનેઝુએલા વિશ્વના સૌથી મોટા ઓઈલ ભંડાર ધરાવતા દેશોમાં સામેલ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા હવે ત્યાં ઊર્જા અને ખનન સેક્ટરમાં વેપાર વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, કેટલાક લોકશાહી સમર્થક જૂથો ટ્રમ્પ પ્રશાસનની આ નીતિની ટીકા પણ કરી રહ્યા છે. અમેરિકી અધિકારીઓ અનુસાર, આ કામ છ અઠવાડિયાથી પણ ઓછા સમયમાં પૂરું થયું. યુરેનિયમને ખાસ કન્ટેનરમાં પેક કરવામાં આવ્યું. ત્યારબાદ લગભગ 100 માઈલ સડક માર્ગે બંદરગાહ સુધી લઈ જવામાં આવ્યું. ત્યાંથી બ્રિટનની ન્યુક્લિયર ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સ કંપનીના જહાજ દ્વારા અમેરિકા મોકલવામાં આવ્યું.

# ઓપરેશન સિંદૂરમાં ચીને પાકિસ્તાનને મદદ કરી હોવાનો ખુલાસો : ચીની ઈજનેરે સ્વીકાર્યું- વિમાનોને ટેકનિકલી તૈયાર કર્યા; રિયલ ટાઈમ ઈનપુટ આપ્યા

**બીજિંગ, તા.09**

ચીને પહેલીવાર સાર્વજનિક રીતે સ્વીકાર્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન તેણે પાકિસ્તાનને મદદ કરી હતી. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના રિપોર્ટ અનુસાર, ચીની સરકારી મીડિયા CCTV પર પ્રસારિત ઈન્ટરવ્યુમાં ચેંગ્ડુ એરક્રાફ્ટ ડિઝાઈન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એન્જિનિયર ઝાંગ હેંગે જણાવ્યું કે તેમની ટીમ પાકિસ્તાનમાં ટેકનિકલ સહાયતા આપી રહી હતી. તેમણે જણાવ્યું કે તેમનું કામ લડાકુ વિમાનો અને તેનાથી સંબંધિત સિસ્ટમને સંપૂર્ણપણે યુદ્ધ માટે તૈયાર રાખવાનું હતું. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન એરફોર્સ ચીનમાં બનેલા J-10CE લડાકુ વિમાનોનો ઉપયોગ કરે છે. આ વિમાનો AVICની સહાયક કંપની બનાવે છે. ભારતીય સેનાના ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહ જુલાઈ 2025માં દાવો કરી ચૂક્યા છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનને મહત્વપૂર્ણ સહાયતા આપી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ચીનમાં બનેલા ફાઈટર જેટનો ઉપયોગ કર્યો હતો. એન્જિનિયર ઝાંગ હેંગે જણાવ્યું કે પાકિસ્તાન એરફોર્સ ચીન દ્વારા બનાવેલા J-10CE ફાઈટર જેટનો ઉપયોગ કરે છે. આ વિમાન ચીનના J-10C મલ્ટીરોલ કોમ્બેટ એરક્રાફ્ટનું એક્સપોર્ટ વર્ઝન છે. આ વિમાનો AVIC ની સહાયક કંપની દ્વારા બનાવવામાં આવે છે. ઝાંગ હેંગે ઈન્ટરવ્યુમાં કહ્યું કે સપોર્ટ બેઝ પર સતત ફાઈટર જેટ્સનો અવાજ અને એર રેડ સાયરન સંભળાતા હતા. તેમણે કહ્યું, "મે મહિનાની સવારમાં જ તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતું હતું. આ માનસિક અને શારીરિક રીતે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ હતી." ભારતે 7 મે 2025ના રોજ પહેલગામ આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. તે સમયે ભારતે આરોપ લગાવ્યો હતો કે ચીન પાકિસ્તાનને સમર્થન આપી રહ્યું છે. જોકે, તે સમયે ચીનના વિદેશ મંત્રાલય અને સૈન્ય અધિકારીઓએ આ આરોપોને નકારી કાઢ્યા હતા અથવા તેને ઓછો અંદાજ આપ્યો હતો. ચીને ઓપરેશન સિંદૂરને લાઈવ લેબની જેમ ઉપયોગ કર્યો, ભારતના ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે જુલાઈ 2025માં FICCIના એક સેમિનારમાં કહ્યું હતું કે ચીને ઓપરેશન સિંદૂરને 'લાઈવ લેબ'ની જેમ ઉપયોગ કર્યો. તેમના મતે, ચીને પોતાના સેટેલાઈટ નેટવર્ક દ્વારા ભારતીય સૈન્ય ગતિવિધિઓની દેખરેખ રાખી અને પાકિસ્તાનને રિયલ ટાઈમ ઈનપુટ આપ્યા. લેફ્ટનન્ટ જનરલ સિંહે ચીનની રણનીતિની તુલના પ્રાચીન ચીની સૈન્ય સિદ્ધાંત '36 રણનીતિઓ' સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે ચીને ઉધારના ચાકુથી હત્યા કરવાની રણનીતિ અપનાવી અને પાકિસ્તાનનો ઉપયોગ ભારત પર દબાણ બનાવવા માટે કર્યો. સંઘર્ષ દરમિયાન, ચીન સાથે સંકળાયેલા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને અધિકારીઓએ પાકિસ્તાનના એ દાવાઓને પ્રોત્સાહન આપ્યું હતું, જેમાં ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડવાની વાત કહેવામાં આવી હતી. જોકે, પાકિસ્તાને આ દાવાઓના સમર્થનમાં કોઈ પુરાવા સાર્વજનિક કર્યા ન હતા. બીજી તરફ, પાકિસ્તાનને થયેલા નુકસાન પર ચીનના સરકારી મીડિયામાં વધુ ચર્ચા થઈ ન હતી. ભારતીય સેનાએ જણાવ્યું હતું કે તેણે પાકિસ્તાનના આતંકવાદી મુખ્યાલયો, એરબેઝ અને ચીની મૂળના રડાર સિસ્ટમને નિશાન બનાવ્યા હતા. આનાથી તેને હવાઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં મદદ મળી.

## તંત્રી લેખ

# 19 હજાર માટે હાડપિંજર કાઢ્યું, હવે 15 લાખ રૂપિયા મળ્યા

તેમાં દેખાતી વ્યક્તિ જીતુ મુંડા છે. ઉંમર 52 વર્ષ. શરીર પર માત્ર એક કપડું. ખભા પર મોટી બહેન કલરાનું હાડપિંજર. કલરાના બેંક ખાતામાં 19,400 રૂપિયા જમા હતા. તેમના મૃત્યુ પછી જીતુ 27 એપ્રિલે પૈસા ઉપાડવા બેંક પહોંચ્યા. આરોપ છે કે બેંક મેનેજરે કહ્યું કે બહેનને લાવો, તો જ પૈસા મળશે. જીતુએ કબરમાંથી બહેનનું હાડપિંજર કાઢ્યું અને ત્રણ કિમી દૂર બેંક લઈને આવી ગયા. આ મામલો ઓડિશાના ક્યોંઝર જિલ્લાના દિયાનાલી ગામનો છે. ક્યારેય પણ તૂટીને પડી જવાની હાલતમાં પહોંચી ગયેલું આ મકાન જીતુનું ઘર છે. કાચી જમીન, ભેજવાળી દીવાલો, દરવાજાનો દરવાજો પણ ઉખડી ગયો છે. પહેલા જીતુ અને તેમની બહેન કલરા આ જ ઘરમાં રહેતા હતા. બે ગાય પણ તેમાં બંધાતી હતી. એક વર્ષ પહેલા કલરાને સરકારી ઘર મળી ગયું. જીતુ પાસે કોઈ કામ નથી. કલરાને સરકાર તરફથી મળતા 1 હજાર રૂપિયા અને 35 કિલો ચોખામાં ગુજરાન ચાલતું હતું. પતિના મૃત્યુ પછી કલરા પિયરમાં રહેતી હતી. તેમણે વાછરડું વેચીને 19,400 રૂપિયા પટના બ્લોકના મલ્લીપાસી ગ્રામીણ બેંકમાં જમા કર્યા હતા. જીતુ અને કલરા વચ્ચે-વચ્ચે 100, 200, 500 રૂપિયા ઉપાડવા બેંક જતા હતા. એક દિવસ કલરા બીમાર પડી અને 26 જાન્યુઆરીએ તેમનું મૃત્યુ થયું. જીતુના ગુજરાનનો આધાર ખતમ થઈ ગયો. છેલ્લી આશા બેંકમાં જમા પૈસા હતા. જીતુ તે જ ઉપાડવા બેંક ગયા હતા.

જીતુના ઘરમાં બહેન ઉપરાંત એક ભાઈ અને તેમનો પરિવાર છે. જીતુના લગ્ન થયા નથી. વીડિયો વાયરલ થયા પછી તેમને બેંકમાં જમા પૈસા ઉપરાંત અલગ-અલગ સંગઠનો અને પાર્ટીઓ તરફથી લગભગ 15 લાખ રૂપિયાની મદદ મળી ચૂકી છે. બહેનના ઘરમાં વીજળી કનેક્શન મળી ગયું છે. જીતુ હવે તેમના ઘરમાં જ રહે છે. જીતુનું ગામ ક્યોંઝરથી લગભગ 40 કિમી દૂર જંગલોમાં વસેલું છે. અમે તેમના ઘરે પહોંચ્યા ત્યારે મીડિયા અને નેતાઓની ભીડ લાગી હતી. જીતુ, તેમના ભાઈ શંકર અને બહેન કલરાના ઘર નજીક-નજીક જ છે, પરંતુ જીતુ અને કલરા સાથે જીતુના ઘરમાં રહેતા હતા. પછી કલરા નવા ઘરમાં રહેવા લાગી. આ ઘરની પાસે જ તેમની કબર બની છે. મુંડા સમુદાયમાં શબને બાળવાને બદલે દફનાવવામાં આવે છે. જીતુ મુંડા અને પરિવારે બહેનના મૃત્યુ થવા પર તેમને ઘરની પાસે જ દફનાવી દીધા. અમે જીતુને પૂછ્યું કે ઘરની પાસે બહેનની કબર શા માટે બનાવી છે? જીતુ બોલ્યા- મારી બહેન જ મારું ઘર છે. મને ડર નથી લાગતો. તે મારી પાસે જ છે. બહેનના ગયા પછી હું એકલો થઈ ગયો છું. માતા-પિતાના નિધન પછી તે જ મારા માટે બધું જ હતી. મારી પાસે ન રેશન કાર્ડ છે, ન કોઈ કાગળ. બધું બહેનનું જ હતું.

જીતુ તેનાથી આગળ બોલી શકતા નથી. તેમના નાના ભાઈ શંકર જણાવે છે કે જે દિવસે જીતુએ બહેનની કબર ખોદી હતી, હું ઘરે નહોતો. જીતુ અને કલરા વચ્ચે ખૂબ સારો સંબંધ હતો. બંને ઘણી વાતોમાં મને પણ સામેલ કરતા નહોતા. મને કહ્યા વગર જ બેંક જતા હતા. અમે ચાર ભાઈ હતા. બે ભાઈઓનું અવસાન થઈ ચૂક્યું છે. પતિના મૃત્યુ પછી કલરા પણ અમારી પાસે આવી ગઈ. તે જીતુ સાથે રહેવા લાગી. તે કહેતી હતી કે હવે ભાઈઓને છોડીને ક્યાંય નહીં જાઉં. જીતુએ કબર ખોદી, બહેનનું હાડપિંજર કાઢ્યું, ત્યારે આસપાસના લોકોએ તેને કેમ રોક્યો નહીં? ગામના મન્સૂરે જવાબ આપ્યો, 'જીતુ તે દિવસે સવારે લગભગ 10 વાગ્યે બેંક ગયો હતો.

# મા એટલે "મહાનતા નો મહેરામણ"! અને એ જ બાળકને માનવતા નાં પંથે દોરે છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે મેં મહિનાનો બીજો રવિવાર એટલે કે જેને આખાં વિશ્વમાં મધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. મા, મમ્મી, મોમ, અને મધર ! આ શબ્દોનો અર્થ એક જ છે! પણ છતાં 'મા' બોલવામાં જે આત્મિયતાનો અનુભવ થાય છે, એનો અહેસાસ તો જ્યારે આપણું બાળક મા બોલતા શીખે, ત્યારે જ સમજાય! એટલે બાળક માટે તો મા મમતાની મૂર્તિ, વાત્સલ્યની દેવી વગેરે, પણ મા માટે પણ બાળકથી વધુ કંઈ જ નહીં! અને બીજું જેમ 'દિકરી એટલે વહાલનો દરિયો' એવી એક ઉકિત છે, એમ મા એટલે 'મહાનતા નો મહેરામણ' અને આ દરેક મા માટે છે! પછી તે મુકેશ અંબાણી અને અનિલ અંબાણીની મા કોકીલાબેન અંબાણી હોય કે ઝૂંપડીમાં ઉછરતાં એક બાળકની મા હોય! ત્યાગ, બલિદાન, સમર્પણ, એ બધાની તો યુગ બદલે એમ વ્યાખ્યા પણ બદલે, ઠીક છે એ બધું, પણ આજ સુધી મને એ સમજાયું નહીં કે, દરેક વખતે બાળકને જન્મ દીધાં પછી એની તરફનાં ખેંચાણને શું માત્ર મમતા નામ આપી શકાય?! ના બિલકુલ નહીં! નવ ચેતનાને જન્મ આપવાનો અને બાળક રુપે બ્રહ્મને ખોળામાં લેવાની જે અનૂભૂતિ છે, એ બીજા એકપણ સુખમાં નથી, અને પછી બાળક તો મોટું થાય છે! પણ મા.. ત્યાંની ત્યાં જ રહે છે! અને એટલે એ દરેક દુઃખ વખતે આડી ઉભી રહે છે.

સર્વ પ્રથમ આપણે સદીનાં મહાનાયક તરીકેનું જેને બિરુદ આપ્યું છે એવાં અમિતાભ બચ્ચને એકવાર કેબીસીના એક એપિસોડમાં મા વિશે સુંદર વાત કરી હતી. એમણે કહ્યું હતું કે આપણી પાસે મા નામની એક અત્યંત પ્રભાવિત નહિ, પણ પ્રકાશિત કરનારી ટેકનોલોજી છે, જેનો કોઈ વિકલ્પ નથી. એનું કનેક્શન કોઈ તાર કે બેટરીથી નથી પણ હૃદયથી છે, અને દુનિયાની એવી કોઈ સમસ્યા નથી જેનો ઉકેલ મા પાસે ના હોય! તેની પાસે સ્પર્શ નામની એક સંજીવની છે, જેના દ્વારા તે પ્રેમ ભર્યો સ્પર્શ કરી અને આપણા દુઃખ ખુદ માટે ડાઉનલોડ કરી લે છે, અને આપણી માટે ખુશીઓ અપલોડ કરે છે. મા એક એવું સ્પર્શ-સંવેદના અને મમતા નું ઝરણું છે, કે જે સાક્ષાત દેખાતી ન હોવા છતાં, તેનું અસ્તિત્વ એક ઝરણા જેમ આપણને સ્પર્શે છે, અને આપણી આસપાસ વહેતું રહે છે, એટલે શાતા આપે છે. મા એટલે મા તેનો દુનિયામાં આજ સુધી બીજો કોઈ વિકલ્પ શોધાયો નથી.

આવાં દિવસે સોશિયલ મીડિયા ખૂબ પ્રભાવિત થઈને મેસેજ મૂકે! અને ઘણાં, યુગ બદલાય ગયો છે, પહેલા મા બે સાડીમાં જીવન પૂરું કરતી અને આજે... તો કોઈ વધતાં જતાં વૃદ્ધાશ્રમ અને એમાં રહેનાર ની વ્યથાને રડે છે! સમાજ માટે



વૃદ્ધાશ્રમ બિલકુલ યોગ્ય નથી... તો કોઈ પહેલાં તો માતાનું દૂધ.. અને આજે.. ડાયપર આવી જતાં.. સાચું કહું તો 'મા' મહાન કહેવડાવવાં કંઈ જ કરતી નથી! સમાજે મા માટે દસ હાથ વાળી એક સુપર વુમનનું ચિત્રણ કર્યું છે, અને એમાં જે ફીટ હોય એ જ મા! એવો આ બધાં વિધાનનો અર્થ થાય! પતિ ગમે તેવો હોય, સંતાન ગમે તેવાં હોય! આ બધું મુંગા મોઢે સહન કરે એ જ સાચી! પણ એવું શું કામ? વૈજ્ઞાનિક વિકાસનો ઉપયોગ આપણે ન કરી શક્યાં, તો એણે પણ ન કરવો! એવું વલણ જ જનરેશન ગેપ વધારે છે. મારી મા તો હવે નથી, પણ સાવ સાચું કહું, એ ફોટામાં આવી ગઈ ને પછી જ એ વધુ સમજાય છે, અને એવું લાગે કે, કેટલું અલગ અને સૌમાં પોતીકો ભાવ ધરાવતું, એક સહજ અને સરળ ચરિત્ર હતું! લખવા બેસું તો કેટલુંય લખાય , પણ પતિ પરિવારને પૂર્ણ સમર્પિત, અને છતાં ખૂબ જાગૃત કે, એણે અમારામાં અભાવા નો ઈર્ષા કે દ્વેષ નો ભાવ આવવાં દીધો નથી. પુત્રી અને પૂત્રવધૂ માં કોઈ પક્ષપાત નહીં! નરસિંહને ભજ્યો છે એટલે મુક્તિ તો જોઈતી જ નથી! અને ફરીથી જન્મ લેવાનું થાય તો એ જ મા! ઈશ્વર બસ આટલી કૃપા કરજે!

યુગ ખરેખર ઘણો બદલાય ગયો છે, અને આજની પેઢીની અમુક વાતો શીખવા જેવી પણ ખરી! ખાસ કરીને એ પોતાની પત્નીને માન સન્માન આપે છે એ! દરેકમાં બંનેનો નિર્ણય માન્ય, ઘર બંનેનું, સંતાન પણ બંનેનું, તો જવાબદારી પણ બંન્નેની ! ઘણીવાર એવું થાય કે આપણે જે તકલીફ ભોગવી એ બધી જ એમણે પણ ભોગવવી જ જોઈએ! એ સાચું નથી, અને એ ભાવના સમાજમાં શિક્ષણનાં આટલાં વ્યાપ છતાં સ્ત્રી સશક્તિકરણ જોઈએ એટલું થવા દેતી નથી. બીજી વાત એ છે કે આપણી મા ની ઉંમરની દરેક સ્ત્રીમાં મા નું દર્શન કરવું પડશે! ક્યાંક એ પણ ખૂટતું હોય એવું લાગે. હજી વધુ વિચારીએ તો શું બાળપણમાં મા માટે જે લાગણી હોય છે એ આંખી જીંદગી માટે ન હોવી જોઈએ? સમાજમાં જે રીતે વૃદ્ધાશ્રમો ભરાય છે, એ જોતાં એવું લાગે છે કે, શું સમયની સાથે સાથે એ લાગણીમાં પણ ઓટ આવતી હશે? દીકરા દીકરી બંને માટે આ સત્ય છે! સમયની સાથે પરિવર્તન જરૂરી છે ,પણ શું એનાથી જીવન મુલ્યો જ બદલાઈ જાય? શું માતા માટેનો ભાવ કાયમ બની રહેવો ન જોઈએ?; જોકે બધાં એવાં નથી, પણ 60/40 નો રેશિયો તો ખરો જ, અને આ વધતું જશે તો ...

મિત્રો યુગ બદલાઇ રહ્યો છે, અને એની સાથે ડગ ભરવા બહુ જરૂરી છે, યુવાનોની વિચારધારાને સમજવી પડશે. ક્યાંક આપણે બનાવેલા સ્ત્રી કે માતાનાં ચોકઠાઓ માથી સ્ત્રી કે માતા બહાર નીકળી, અને કંઈક અલગ અને નવું કરવાની કોશિશ કરે, તો તેને વધાવવી પડશે. નહીં તો આપણે પાછળ રહી જશું, અને દુનિયા આગળ નીકળી જશે, અને માત્ર ઘર્ષણ કે હુંસાતુસી સિવાય કંઈ નહીં રહે!: બીજી એક વાત કે જે સમાજમાં સદીઓથી ચાલે છે, એટલે કે વહુ અને દીકરી વચ્ચે પક્ષપાત, એ છોડવો પડશે. પોતાની દીકરીને દુનિયાની બધી સગવડતા ભોગવવાનો અધિકાર છે, અને વહુ એ તો એના નિશ્ચિત ચોકઠાંમાં જ જીવવાનું હોય, એવી આપણી માન્યતા હવે આપણે તોડવી પડશે. ઘણીવાર એવું લાગે કે આજનાં યુવાનો આપણો મત લેતા નથી, અથવા આપણા સુઝાવ પ્રમાણે જીવતા નથી, પણ જરાક વિચારીએ તો એના આવું કરવાં પાછળ ક્યાંક આપણે તો જવાબદાર નથી ને ? કર્તવ્યનાં નામે ઘણી અપેક્ષાઓ આપણાં સુઝાવમાં હોય છે,અને એ પણ અહમ આગ્રહને કારણે, તો પછી તો એ તૂટવાની જ છે. મધર્સ ડે ને સાચી રીતે ઉજવવો હોય તો, દરેક જણાં પોતાની માતા સાથેના સંસ્મરણો વાગોળે, અને ભૂતકાળમાં કંઈ ચૂક રહી ગઈ હોય તો તેને ન્યાય આપવા માટે, પોતાની પત્ની કે જે પોતાનાં સંતાનોની માતા છે, તેનો પણ આદર કરે, તેનાં શરીરમાં પણ એક ધબકતું હૃદય છે, એ સમજી કોઈવાર નાની મોટી ચૂક થઈ જાય તો, એની માટે ઈટ્સ ઓકે કહેવાની ઉદારતા દાખવે,અને પરિવારમાં દીકરી અને દીકરાની વહુ બંનેને સરખો હક અને અધિકાર આપીએ, આવું બધું કરવાનો સમય હવે આવી ગયો છે. તો પરિવર્તનના આ દોરને આપણે સૌ સમજીને, આપણી જૂની રૂઢિ કે માન્યતાઓમાં સુધાર કરીએ, અને મા નો ખરેખર કોઈ વિકલ્પ નથી,પણ એ વિકલ્પ ને કોઈ અન્યાય ન કરવાનો સંકલ્પ કરીએ. જય હિન્દ.

# અમદાવાદ ખાતે 'વિશ્વ રેડ ક્રોસ દિવસ' અને 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ની ઉજવણી: 'રેડ ક્રોસ રથ'ને પ્રસ્થાન કરાવાયું







**અમદાવાદ, તા.09**

થેલેસેમિયા મુક્ત ગુજરાત માટે સેવાનો સેતુ બનીને ઘર-ઘર સુધી માનવતાનો સંદેશ પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા 'વિશ્વ રેડ ક્રોસ દિવસ' તથા 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ના અનુસંધાને અમદાવાદના રેડ ક્રોસ ભવન ખાતેથી રેડ ક્રોસ, ગુજરાતના ચેરમેન અજયભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે 'રેડ ક્રોસ રથ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વિશેષ રથ આગામી એક વર્ષ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાં જઈને આરોગ્ય જાગૃતિ, થેલેસેમિયા નિવારણ, સ્વૈચ્છિક રક્તદાન, પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઈડ) અને આપત્તિ વ્યવસ્થાપન જેવી પાયાની માનવતાવાદી સેવાઓ અંગે વ્યાપક જનજાગૃતિ ફેલાવશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોઓએ સંસ્થાના વિવિધ સેવાકીય એકમો જેવા કે- આર્ટિફિશિયલ લિમ્બ સેન્ટર, અત્યાધુનિક ફિઝિયોથેરપી સેન્ટર અને પેથોલોજી લેબોરેટરીની મુલાકાત લીધી હતી. વિશેષ કરીને સિનિયર સિટિઝન હોમ 'વાત્સલ્ય'ના વડીલો સાથે આત્મીય સંવાદ સાધીને તેમની સુખાકારી વિશે પૃચ્છા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, થેલેસેમિયા મેજરથી પીડાતાં બાળકો માટે નિષ્ણાતો દ્વારા એક વિશેષ અવેરનેસ સેમિનાર યોજાયો હતો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા ફર્સ્ટ એઈડ અંગેનું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, રેડ ક્રોસ સંસ્થા 'માનવતા દ્વારા શાંતિ'ના ધ્યેય મંત્ર સાથે દાયકાઓથી પીડિતોની સેવામાં કાર્યરત છે. આજે આયોજિત કાર્યક્રમમાં રેડ ક્રોસ, ગુજરાતના વાઈસ ચેરમેન અજયભાઈ દેસાઈ, માનદ ટ્રેઝરર સંજય શાહ અને જનરલ સેક્રેટરી ડૉ. પ્રકાશ પરમાર સહિતના હોદ્દેદારો તથા 'વાત્સલ્ય'ના વડીલો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ જે ક્યારેય ઝૂક્યો નથી સાગર તટે શિવ સહસ્ત્રાબ્દીની સંઘર્ષયાત્રા ભારતીય અસ્મિતા અને શ્રદ્ધાનું અખંડ પ્રતીક સોમનાથ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સોમનાથ નામ અને સ્થાનનો પરિચય ભારતની આધ્યાત્મિક ચેતનાનું અખંડ પ્રતીક એટલે સોમનાથ મહાદેવ. ગુજરાતના સૌરાષ્ટ્રમાં, અરબી સમુદ્રના કિનારે, પ્રભાસ પાટણ પાસે બિરાજમાન આ ભવ્ય શિવ મંદિર બાર જ્યોતિર્લિંગ પૈકીનું પ્રથમ અને અત્યંત પવિત્ર તીર્થ છે.'સોમ' એટલે ચંદ્ર અને 'નાથ' એટલે સ્વામી. ચંદ્રદેવના સ્વામી ભગવાન શિવ અહીં સોમનાથ રૂપે પૂજાય છે.ઋગ્વેદમાં પણ આ તીર્થનો ઉલ્લેખ મળે છે,જે તેની પ્રાચીનતા અને દિવ્યતાની સાક્ષી પૂરે છે.

પૌરાણિક કથા: ચંદ્રનો શ્રાપ અને શિવની કૃપા દંતકથા અનુસાર, પ્રજાપતિ દક્ષની ૨૭ પુત્રીઓ એટલે કે ૨૭ નક્ષત્રોના લગ્ન ચંદ્રદેવ સાથે થયા હતા. પરંતુ ચંદ્ર માત્ર રોહિણી નક્ષત્રને જ અત્યંત પ્રેમ કરતા હતા. બાકીની ૨૬ પત્નીઓની ઉપેક્ષા જોઈ દક્ષે ક્રોધિત થઈ ચંદ્રને 'ક્ષય થવાનો' શ્રાપ આપ્યો. ક્ષય રોગથી પીડાતા ચંદ્રએ પ્રજાપિતા બ્રહ્માની સલાહથી પ્રભાસ ક્ષેત્રમાં આવી ભગવાન શિવનું ઘોર તપ કર્યું. મહામૃત્યુંજય મંત્રથી શિવની આરાધના કરતાં ભોળાનાથ પ્રસન્ન થયા. શિવની કૃપાથી ચંદ્રને શ્રાપમાંથી આંશિક મુક્તિ મળી. ત્યારથી ચંદ્ર પંદર દિવસ વધે છે અને પંદર દિવસ ઘટે છે. ચંદ્રના ઉદ્ધાર માટે શિવ અહીં 'સોમનાથ' સ્વરૂપે સ્વયંભૂ જ્યોતિર્લિંગ રૂપે પ્રગટ થયા. કહેવાય છે કે સતયુગમાં ચંદ્રદેવે સોનાનું,ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું અને દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાનું મંદિર બંધાવ્યું હતું. મંદિરની ભવ્યતા અને પ્રાચીન વૈભવ મધ્યકાલીન ઈતિહાસઅને વિદેશી યાત્રીઓના વર્ણનો સોમનાથની અકલ્પનીય સમૃદ્ધિ દર્શાવે છે.૧૧મી સદી સુધી આ મંદિર ૧૩ માળ ઊંચું હતું. તેના શિખર પર ૧૪ સુવર્ણ કળશો શોભતા હતા. મંદિરના સ્તંભો હીરા-માણેકથી જડિત હતા. ૫૯ વિશાળ સાગના સ્તંભો પર મંદિર ઊભું હતું. બસો મણ વજનની સોનાની સાંકળો પર લટકતી ઘંટડીઓ આરતી સમયે ગૂંજી ઊઠતી. સ્થાનિક રાજાઓ એ મંદિરના નિભાવ માટે દશ હજાર ગામો અર્પણ કર્યા હતા. ગંગાજળથી જ અહીં અભિષેક થતો. સેંકડો નર્તકીઓ શિવને રિઝવવા નૃત્ય કરતી. ભોંયરામાં સોનાના ભંડારો હતા. દરિયાઈ નાવિકો દૂરથી ધ્વજા જોઈ 'સોમનાથ' ને ઓળખી જતા. સંસ્કૃત શિલાલેખ કહે છે કે મંદિર અને દક્ષિણ ધ્રુવ વચ્ચે સીધી રેખામાં કોઈ જમીન નથી, માત્ર સમુદ્ર છે. આક્રમણોનો ઈતિહાસ: વિનાશ પર નિર્માણનો વિજય સોમનાથ ની ખ્યાતિ જ તેના માટે કસોટી બની.તેના વૈભવથી લલચાઈ અનેક વિદેશીઆક્રમણ કારોએ તેના પર ઘાતક હુમલા કર્યા, પણ હિન્દુ આસ્થા ક્યારેય ન ઝૂકી.

મુખ્ય આક્રમણો અને પુન: નિર્માણ ઈ.સ. ૭૨૫ સિંધના આરબ શાસક જુનાયદે પ્રથમ વિનાશ વેર્યો. આક્રમણોનો ઈતિહાસ: વિનાશ પર નિર્માણનો વિજય સોમનાથ ની ખ્યાતિ જ તેના માટે કસોટી બની.તેના વૈભવથી લલચાઈ અનેક વિદેશીઆક્રમણ કારોએ તેના પર ઘાતક હુમલા કર્યા, પણ હિન્દુ આસ્થા ક્યારેય ન ઝૂકી. મુખ્ય આક્રમણો અને પુન: નિર્માણ ઈ.સ. ૭૨૫ સિંધના



આરબ શાસક જુનાયદે પ્રથમ વિનાશ વેર્યો. ઈ.સ. ૮૧૫:પ્રતિહાર રાજા નાગભટ્ટ બીજાએ લાલ પથ્થરથી ત્રીજી વખત મંદિર બંધાવ્યું.ઈ.સ. ૧૦૨૫ મહમૂદ ગઝનવીએ ભીમદેવ પહેલાને હરાવી મંદિર લૂંટ્યું. પચાસ હજાર લોકો શહીદ થયા. શિવલિંગના ટુકડા કરી ગઝનીની મસ્જિદના પગથિયાં નીચે દાટ્યા જેથી અપમાન થાય. પરંતુ માલવાના રાજા પરમદેવે એક જ માસમાં તેને ભગાડી મૂક્યો.

અગિયારમી સદી:માળવાના ભોજ પરમાર અને અણહિલ વાડના સોલંકી રાજા ભીમદેવે ભવ્ય ચોથું મંદિર બંધાવ્યું.

ઈ.સ. ૧૨૯૯ અલ્લાઉદીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને મંદિર ધ્વસ્ત કરી મૂર્તિના ટુકડા દિલ્હી લઈ ગયો.

ચૌદમી સદી:રાજા મહિપાલદેવે અને રા' ખેંગારે ફરી જીર્ણોદ્ધાર કર્યો. ઈ.સ. ૧૩૯૫:ગુજરાતના સુલતાન મુઝફરખાને મૂર્તિ સહિત મંદિર તોડી મસ્જિદ બનાવી.ઈ.સ. ૧૪૫૧-૧૫૧૧- રા' માંડલિકે પુનઃ પ્રતિષ્ઠા કરી, પણ મહમદ બેગડાએ ફરી મસ્જિદમાં ફેરવ્યું.ઈ.સ. ૧૭૦૬ ઔરંગઝેબે સર્વનાશનો હુકમ કરી મંદિર તોડાવ્યું.ઈ.સ. ૧૭૮૭ ઈન્દોરના મહારાણી અહલ્યા બાઈ હોલકરે છેલ્લું પુન:નિર્માણ કરાવ્યું.

દરેક વખતે મંદિર તૂટ્યું, પણ શ્રદ્ધા ન તૂટી. 'વિનાશ પર નિર્માણનો વિજય' એ જ સોમનાથનો સંદેશ છે.

નૂતન સોમનાથ:સરદારની પ્રતિજ્ઞા અને રાષ્ટ્રીય ચેતના

ભારત સ્વતંત્ર થયા બાદ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર, ૧૯૪૭ના રોજ સોમનાથના પુન:નિર્માણની પ્રતિજ્ઞા લીધી. તેમની પ્રેરણાથી શ્રી સોમનાથ ટ્રસ્ટની સ્થાપના થઈ. સરદાર પટેલ તેના પ્રથમ અધ્યક્ષ બન્યા. ચાલુક્ય શૈલીમાં સોમપુરા કારીગરોએ મૂળ સ્થાને જ સાતમી વખત ભવ્ય કૈલાશ મહામેરુ પ્રાસાદનું નિર્માણ કર્યું.

૧૧ મે, ૧૯૫૧ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ. તે પ્રસંગે તેમણે કહ્યું હતું: 'સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે.' એકસો એક તોપોની સલામી અપાઈ, નૌકાદળે સાગરમાંથી તોપો ફોડી અને સેંકડો બ્રાહ્મણોએ વેદમંત્રોથી પ્રતિષ્ઠા કરી.

આજનું સોમનાથ મંદિર માત્ર પૂજાસ્થળ નથી, તે ભારતની સાંસ્કૃતિક અસ્મિતાનું જીવંત સ્મારક છે. અરબી સમુદ્રના મોજાં તેના પગ પખાળે છે. ત્રિકૂટાચલ શૈલીનું આ મંદિર છેલ્લા ૮૦૦ વર્ષમાં બનેલું અદ્વિતીય સ્થાપત્ય છે.અહીંસદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે છે તેવી અખંડ શ્રદ્ધા સાથે લાખોભક્તો શીશ ઝુકાવેછે

સોમનાથનો ઈતિહાસ એ માત્ર ઈંટ-પથ્થરની કહાણી નથી. તે ભારતીય આસ્થાની અમરતા, સહનશક્તિ અને પુનરુત્થાનની ગાથા છે.૧૧ મે, ૧૯૫૧ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ. તે પ્રસંગે તેમણે કહ્યું હતું: 'સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે.' એકસો એક તોપોની સલામી અપાઈ, નૌકાદળે સાગરમાંથી તોપો ફોડી અને સેંકડો બ્રાહ્મણોએ વેદમંત્રોથી પ્રતિષ્ઠા કરી. આજનું સોમનાથ મંદિર માત્ર પૂજાસ્થળ નથી, તે ભારતની સાંસ્કૃતિક અસ્મિતાનું જીવંત સ્મારક છે. અરબી સમુદ્રના મોજાં તેના પગ પખાળે છે. ત્રિકૂટાચલ શૈલીનું આ મંદિર છેલ્લા ૮૦૦ વર્ષમાં બનેલું અદ્વિતીય સ્થાપત્ય છે.અહીંસદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે છે તેવી અખંડ શ્રદ્ધા સાથે લાખોભક્તો શીશ ઝુકાવેછે સોમનાથનો ઈતિહાસ એ માત્ર ઈંટ-પથ્થરની કહાણી નથી. તે ભારતીય આસ્થાની અમરતા, સહનશક્તિ અને પુનરુત્થાનની ગાથા છે. ૧૧ મે,૨૦૨૬નો સોમવારનો દિવસ માત્ર સોમનાથ મંદિરના ૭૫ વર્ષની ઉજવણી પૂરતો સીમિત નથી,તે ભારતીય અસ્મિતા,અખંડ શ્રદ્ધા અને સાંસ્કૃતિક પુનરુત્થાનનું જીવંત પ્રતીક છે.અનેક આક્રમણો છતાં વારંવાર નવ જીવન પામનારું સોમનાથ આજે વિકાસ અને વિરાસતનાસમન્વય નું ઉદાહરણ બની રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિ અને નવા પ્રકલ્પોના લોકાર્પણથી સોમનાથ તીર્થ ક્ષેત્ર માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર ન રહેતા વિશ્વકક્ષાની સુવિધાઓ સાથે આધ્યાત્મિક પર્યટનનું પ્રેરણાસ્થાન બનશે. આ ઐતિહાસિક અવસર દરેક ભારતવાસીને પોતાના ગૌરવ શાળી વારસાને જાળવવા અને તેને આધુનિક ભારતના નિર્માણ સાથે જોડવાની પ્રેરણા આપે છે. સોમનાથનું શિવલિંગ જેમ અડગ છે, તેમ ભારતની શ્રદ્ધા અને સંકલ્પ પણ અટલ છે.હજાર વર્ષ સુધી અનેક આઘાતો સહન કરીને પણ આ તીર્થ અડીખમ ઊભું છે.તે શીખવે છે કે સત્ય અને શ્રદ્ધાનો વિજય આખરે નિશ્ચિત છે. સદા શિવ મહાદેવ સૌનું કલ્યાણ કરે એ જ પ્રાર્થના.

# સોમનાથમાં પહેલીવાર વાયુસેના દ્વારા છ ફાઈટર જેટ સાથે દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે

**ગાંધીનગર, તા.09**

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શરૂ થયેલા 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬' ઉત્સવના પગલે આ શિવભૂમિ પર ચોમેર ઉમંગ અને ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ પર્વ સાથે પ્રભાસક્ષેત્રમાં અનેક ઈતિહાસ રચાવા જઈ રહ્યા છે. ભારતીય વાયુસેના દ્વારા પહેલીવાર સોમનાથમાં ૧૧મી મેના રોજ ફાઈટર જેટ દ્વારા દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે. પ્રભાસક્ષેત્રના આકાશમાં 'સૂર્યકિરણ એર શો' માં છ એરક્રાફ્ટ (ફાઈટર જેટ) દ્વારા આકાશમાં 'ટ્રાઈકલર સ્મોક ટ્રેઈલ', 'કલર સ્મોક', 'લૂપ્સ એન્ડ રોલ્સ', 'ક્લૉઝ ફોર્મેશન', 'ડાયમંડ ફોર્મેશન' સહિત હવાઈ કરતબો દ્વારા અલગ-અલગ રોમાંચક ફોર્મેશન દર્શાવવામાં આવશે. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં યોજાનાર આ એર





શોના શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહેવાસીઓ સાક્ષી બનશે. એર શો અંગે ભારતીય વાયુ સેનાના વિંગ કમાન્ડર શ્રી જનમીત શર્માએ જણાવ્યું હતું કે, એરફોર્સની સૂર્યકિરણ એરોબિક્સ ટીમ દ્વારા વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ૧૧મી મેના રોજ સવારે ૧૧ કલાકથી સૂર્યકિરણ એર શો યોજાશે. એરફોર્સના હૉક-એમ.કે - ૧૩૨ શ્રેણીના કુલ છ ફાઈટર જેટ દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવશે. જ્યારે ફ્લાઈટ લેફ્ટનન્ટ તથા ટીમના કમેન્ટેટર કુ. કંવલ સંધુએ જણાવ્યું હતું કે, ઈતિહાસમાં પહેલીવાર સોમનાથ મંદિર પર 'સૂર્યકિરણ એર શો' થશે. કુલ છ ફાઈટર જેટ આ કવાયતમાં સામેલ થશે. ગ્રુપ કેપ્ટન અને ટીમ લીડર શ્રી અજય દશરથીના માર્ગદર્શનમાં આ સમગ્ર કવાયત કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, એરફોર્સના પાયલટની તાલીમ આ ફાઈટર પ્લેન પર જ કરવામાં આવે છે. હવાઈ કરતબો ઉપરાંત જરૂર પડે તો આકસ્મિક સંજોગો, દુર્ગમ પ્રદેશમાં અણધાર્યું સંકટ અને યુદ્ધની સ્થિતિમાં આ ફાઈટર જેટ્સનો ઉપયોગ કરી શકાય છે. સૂર્યકિરણ એર શો દરમિયાન આશરે ૮૦૦ થી ૯૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આ ફાઈટર જેટ ઉડાન ભરશે. ફાઈનલ એર શો પૂર્વે ૧૦મી મેના રોજ સવારે ૧૧ વાગ્યાથી સૂર્યકિરણની ટીમ દ્વારા રિહર્સલ કરવામાં આવશે. આ છ ફાઈટર જેટ જામનગર સ્ટેશનથી ઓપરેટ થશે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. સૂર્યકિરણની દિલધડક કવાયત અંગે તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતમાં છ જેટ એકસાથે ઉડાન ભરીને કવાયત કરશે. બાદમાં બે ટીમ અલગ અલગ થઈ જશે અને આકાશમાં વિવિધ ફોર્મેશન દ્વારા કરતબો કરશે. સમગ્ર ટીમના સંકલન વિશે તેમણે જણાવ્યું હતું કે, ફાઈટર જેટના તમામ પાયલટ રેડિયો કમ્યુનિકેશન સહિતના ઉપકરણોથી સજ્જ હોય છે. એક પાઈલટ સ્ક્વોડ્રન લીડર શ્રી અમન ગોયલ જમીન પર રહેશે, જે જેટના પાયલટને હવાની ઝડપ, એકબીજાથી પ્લેનનું અંતર સહિતની જરૂરી માર્ગદર્શન, સૂચનાઓ અને સંભવિત જોખમ અંગે સતત માહિતી આપતા રહેશે. પક્ષીઓથી બચાવ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે, ફાઈટર જેટના કરતબમાં પક્ષીઓ અડચણરૂપ ન બને તે માટે આગોતરી તૈયારીઓ કરવામાં આવે છે. આ માટે બર્ડ હેઝાર્ડ કંટ્રોલ (બી.એચ.સી.) હરહંમેશ તૈયાર રહે છે. સોમનાથમાં એર શો પૂર્વે સ્થાનિક તંત્રના સહયોગથી બે દિવસ સ્થાનિક નાગરિકોને વધેલા ખાદ્ય પદાર્થો બહાર ન ફેંકવા સમજાવવામાં આવ્યાં છે.

## 11 મે 2026થી ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેનની શરૂઆત

**અમદાવાદ રેલવે, તા.09**

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા 11 મે, 2026થી ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 19560/19559 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેન નંબર 19560 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ (સાપ્તાહિક) 11 મે, 2026થી ઓખાથી દર સોમવારે રાત્રે 23.35 વાગ્યે પ્રસ્થાન કરશે, મંગળવારે સવારે 08.00 વાગ્યે અમદાવાદ પહોંચશે અને બુધવારે રાત્રે 23.30 વાગ્યે તિરુપતિ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 19559 તિરુપતિ-ઓખા એક્સપ્રેસ (સાપ્તાહિક) 14 મે, 2026થી તિરુપતિથી દર ગુરુવારે સવારે 08.15 વાગ્યે પ્રસ્થાન કરીને શનિવારે 01.10 વાગ્યે અમદાવાદ પહોંચશે તથા 11.50 વાગ્યે ઓખા પહોંચશે. સ્ટોપેજ : આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ઉધના, નંદુરબાર, આમલનેર, જલગાંવ, ભુસાવળ, મલકાપુર, અકોલા, વાશિમ, હિંગોલી ડેકન, બસમત, પૂર્ણા, હઝૂર સાહેબ નાંદેડ, બાસર, નિઝામાબાદ, કામારેડ્ડી, બોલારમ, કાચીગુડા, મહબૂબનગર, ગદવાલ, કર્નૂલુ સિટી, ડોન, તાડિપત્રી, કડપા, રાજમપેટા તથા રેણિગુન્ટા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ તથા જનરલ કોચ રહેશે. ટ્રેન સંખ્યા 19560 ઓખા-તિરુપતિ એક્સપ્રેસનું બુકિંગ 10 મે, 2026 થી PRS કાઉન્ટર અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી

**ગાંધીનગર, તા.09**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૧૧મી મેના રોજ 'સોમનાથ અમૃત પર્વ' નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પધારનાર છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ વડાપ્રધાનશ્રીના રોડ-શૉ સહિત રૂટનું પગપાળા નિરીક્ષણ કરી સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી નાયબ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના આગમન-પ્રસ્થાન માર્ગો, સભાસ્થળ અને રૉડ શૉના કાર્યક્રમ સ્થળે કરવામાં આવેલી સુવિધાઓ, પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓની જવાબદારીઓ સહિત એકબીજા વિભાગના સંકલન સાથે કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય એ દિશામાં કાર્ય કરવા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠક પહેલા નાયબ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના આગમન સ્થળ હેલિપેડ થી લઈ હમીરજી ગોહિલ સર્કલ સુધીના રૉડ શૉ અને સમગ્ર મંદિર પરીસર સુધીના નિર્ધારિત રૂટનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રોડ શૉના રૂટ પર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા તેમજ માર્ગોની સુવિધાઓનું અવલોકન કરી સંબંધિત અધિકારીઓને બેરિકેડિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. અત્યારે ગરમીની ઋતુ હોવાથી વડાપ્રધાનશ્રીના રોડ શો અને સભાસ્થળ ખાતે નાગરિકોને ગરમી ન થાય તે માટે સ્પ્રિંકલર્સ અને પાણી-છાશ સહિતની પૂરતી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચનો કર્યા હતાં.

આ બેઠકમાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી,

શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સર્વશ્રી ભગવાનભાઈ બારડ, અનિરૂદ્ધભાઈ દવે સહિત પદાધિકારીઓ અને અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમાર સહિતના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધાનેરા, બનાસકાંઠા ખાતે બાળકો અને અપંગ વ્યક્તિઓ માટે રત્નમણિ ફાઉન્ડેશન પુનર્વસન ડે કેર સેન્ટરનું ઉદ્ઘાટન

**ગાંધીનગર, તા.09**

ઉત્તર ગુજરાતમાં સમાવિષ્ટ વિકાસ અને પુનર્વસન સેવાઓ તરફ એક મહત્વપૂર્ણ પગલું 9 મે 2026 ના રોજ ધાનેરા ખાતે બાળકો અને અપંગ વ્યક્તિઓ માટે રત્નમણિ ફાઉન્ડેશન પુનર્વસન ડે કેર સેન્ટરના ઉદ્ઘાટન કરવામાં આવશે.

આ કેન્દ્ર રત્નમણિ ફાઉન્ડેશનના નાણાકીય સહાયથી શક્ય બન્યું છે અને અપંગતા પુનર્વસન ક્ષેત્રમાં કાર્યરત ભારતની અગ્રણી સંસ્થાઓમાંની એક, બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન (BPA) દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે. કેન્દ્ર માટે જગ્યા શાહ રામચંદ્ર સ્વરાજભાઈ જનરલ હોસ્પિટલ - શ્રી ધાનેરા આરોગ્ય સમિતિ દ્વારા ઉદારતાથી પૂરી પાડવામાં આવી છે, જે સમુદાય કલ્યાણ માટે સહયોગની મજબૂત ભાવનાને પ્રતિબિંબિત કરે છે. 80 અપંગ બાળકો અને પુખ્ત વયના લોકોને સ્થાનિક સ્તરે હસ્તક્ષેપ, મૂલ્યાંકન અને ઉપચારની સેવાઓ મળશે.

ઉદ્ઘાટન સમારોહમાં માનનીય ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પરિવહન મંત્રી શ્રી પ્રવિણભાઈ માલી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોમાં શ્રી માવજીભાઈ દેસાઈ (ધારાસભ્ય, ધાનેરા), શ્રી મિહિરભાઈ પટેલ, IAS (જિલ્લા કલેક્ટર અને DM)નો સમાવેશ થાય છે. રત્નમણિ ગ્રુપ ઓફ કંપનીઝના પ્રમોટર્સ શ્રી પ્રકાશભાઈ અને જયંતિભાઈ સંઘવી, રત્નમણિ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ, શ્રી શૈલેષભાઈ મોરખિયા, ટ્રસ્ટી, શ્રી ધાનેરા આરોગ્ય સમિતિ અને BPAના ટ્રસ્ટીઓ પણ હાજર રહેશે.

### નવમાં દિવસે આ યાત્રા શ્રી આદિ કૈલાશ સંકલ્પ દર્શને પહોંચશે

## જગતગુરુ મામા સરકાર દ્વારા 12 દિવસ અખંડ સનાતની સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવશે

**ગાંધીનગર, તા.09**

અમદાવાદ : શ્રી મામાદેવ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અખંડ સનાતની સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના અનુસંધાને 12 દિવસ ભારતભરનાં પવિત્ર તીર્થ સ્થળોએ યાત્રા કરવામાં આવશે આ 12 દિવસીય યાત્રામાં પવિત્ર તીર્થોના જળને સંકલિત કરીને વૈદિક વિધિથી અભિષેક કરવામાં આવશે, જેનો હેતુ ગુરુ શિષ્ય પરંપરા અને સનાતન ધર્મની સાચી દિશાને પુનઃ પ્રજ્વલિત કરવાનો છે. અખંડ સનાતન જનજાગૃતિ યાત્રા પરમ પૂજ્ય "શ્રી શ્રી 1008 પરીવ્રાજકાચાર્ય, ક્ષોત્રિય બ્રહ્મનિષ્ટ, જગતગુરુ સ્વામી વીરભદ્રાનંદ ગિરિ મહારાજ, અનંત શ્રી વિભૂષિત પૂજ્યપાદ મામા સરકાર" ના દિવ્ય સંકલ્પથી એક આધ્યાત્મિક મહાયજ્ઞ છે. આ યાત્રા પ્રથમ દિવસે સવારે, ૩૩ મિનિટનો યજ્ઞ અને પવિત્ર પ્રતિજ્ઞા લીધા બાદ, બાવળાથી શરૂ થશે. જે, બિંદુ સરોવર ખાતે પહોંચશે, અને ત્યાં દૂધ, ફૂલો અને દીવાઓનો ઉપયોગ કરીને પૂજા કરવામાં આવશે; ત્યારબાદ, પવિત્ર પ્રતિજ્ઞા-જળ લઈને, યાત્રીઓ શ્રી અંબાજી તરફ આગળ વધશે. શ્રી જગતજનની મા અંબા ના દર્શન બાદ યાત્રા પુષ્કરના શ્રી પંચ દશનામ જુના અખાડા આશ્રમમાં, રાત્રિભોજન કરી રાત્રે આરામ કરી બીજા દિવસે આ યાત્રા પુષ્કરરાજ શ્રી બ્રહ્મા જી મંદિર જયપુર તરફ પ્રસ્થાન કરશે, ત્યારબાદ જયપુરમાં શ્રી બાંકે બિહારી ઠાકોરજીના "સંકલ્પ દર્શન" કર્યા બાદ તેઓ દિલ્હી રવાના થશે. ત્યારબાદ દિલ્હી આરામ કરીને ત્રીજા દિવસે દિલ્હીમાં, નવા સંસદ ભવનની મુલાકાત કરી અને કેટલાક પવિત્ર અને સદાચારી સંસદસભ્યોને આશીર્વાદ આપ્યા પછી, આ યાત્રા હરિદ્વાર જવા રવાના થશે. ચોથા અને પાંચમા દિવસે હરિદ્વાર બાદ યાત્રા ઋષિકેશ પવિત્ર સંકલ્પ સાથે સ્નાન કરશે. સાતમાં દિવસે આ યાત્રા શ્રી જાગેશ્વર ધામ ઉત્તરાખંડ પહોંચશે. આઠમાં દિવસે ઉત્તરાખંડમાં આવેલા શ્રી કાલી માતા મંદિરના દર્શન કરવામાં આવશે. નવમાં દિવસે આ યાત્રા શ્રી આદિ કૈલાશ સંકલ્પ દર્શને પહોંચશે. જ્યાં શ્રી ગણેશ પર્વત અને શ્રી પાર્વતી સરોવરના દર્શન કરવામાં આવશે. આ ઉપરાંત, શ્રી ઓમ પર્વત ના દર્શન કરી ત્યાં થી પૂજા પાઠ કરી પવિત્ર જળ લઈશું પછી અયોધ્યા પહોંચી 11 માં દિવસે ભગવાન શ્રી રામ ના દર્શન કરવામાં આવશે. અને છેલ્લે 12માં દિવસે શ્રી કાશી વિશ્વનાથ મંદિરના સંકલ્પ દર્શન કરવામાં આવશે. આ સમગ્ર યાત્રા માત્ર પ્રદર્શન નહીં, પરંતુ આંતરિક આત્મજાગૃતિનો પવિત્ર માર્ગ છે. આ દિવ્ય સંકલ્પને અનુલક્ષીને પરમ પૂજ્ય "શ્રી શ્રી 1008 પરીવ્રાજકાચાર્ય, ક્ષોત્રિય બ્રહ્મનિષ્ટ, જગતગુરુ સ્વામી વીરભદ્રાનંદ ગિરિ મહારાજ, અનંત શ્રી વિભૂષિત પૂજ્યપાદ મામા સરકારે જણાવ્યું હતું કે, સનાતન ધર્મ અને ગુરુ શિષ્યની પરંપરા આગળ વધે તેમજ લોકો એકબીજા સાથે જોડાય અને એકબીજાની મદદ કરે તેના માટે એક સંકલ્પ સિદ્ધ યાત્રા અમે 16 મે ના રોજ સવારે 10 વાગ્યે અમદાવાદ બાવળાથી શ્રી મામાદેવ તપોભૂમિ તીર્થધામથી શરૂઆત કરીશું જ્યાં આદિ કૈલાશ પર્વત અને ઓમ પર્વતથી જે પાર્વતી સરોવર છે ત્યાંથી જળ લઈને અન્ય રસ્તામાં આવતાં તમામ સરોવર, નદી, તળાવ કે તપસ્વીઓની ભૂમિમાંથી પવિત્ર પુણ્યશાળી એવા જીવાત્માઓથી જોડાય તેવા આશયથી અને આ તમામ સંકલ્પ એ જગ્યાએથી પૂરો કરવા માટે જળ લઈને ગુજરાતની અંદર એક સ્થિર લિંગ છે ત્યાં એની ઉપર જળ અભિષેક શાસ્ત્રો, ઉપનિષદો અને વેદોના અનુસંધાનને ધ્યાનમાં રાખીને ઉપસ્થિત સરકારની હાજરીમાં અમે જળાભિષેક કરીશું.

### પાડા-વાછરડામાંથી પશુપાલકોનો છુટકારો: માત્ર વાછરડી આપતી સેક્સ્ડ સિમન ટેકનોલોજી પશુપાકોએ અપનાવી

# સોમનાથ - વિરાસતથી વિકાસ યાત્રાના ૭૫ વર્ષ, પવિત્ર યાત્રાધામ સોમનાથ જ્યોતિર્લિંગના દર્શનાર્થે આવતા રોજના ૨૫ હજારથી વધુ ભાવિકો

### હનુમાનજીની ૧૬ ફૂટ ઊંચી પ્રતિમા, સમુદ્ર દર્શન પથ, મારુતિ હાટ, લાઈટ એન્ડ સાઉન્ડ શો, સોમગંગા ગંગાજળ પ્રસાદ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર

**ગાંધીનગર, તા.09**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં સોમનાથ ખાતે ભવ્ય 'અમૃત મહોત્સવ' યોજાવા જઈ રહ્યો છે, ત્યારે સોમનાથના આધુનિકરણના ૭૫ વર્ષની વિકાસયાત્રામા છેલ્લા બે દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સોમનાથ મંદિર "સુવર્ણ યુગ"માં પ્રવેશ્યું છે. તેઓ શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા ત્યારથી સોમનાથના વિકાસમાં એક નવો અધ્યાય શરૂ થયો છે.

ભારતના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગોનું વર્ણન થાય ત્યારે સૌથી પહેલાં સોમનાથનો ઉલ્લેખ આવે છે. સોમનાથ મંદિરના દર્શનાર્થે રોજના ૨૫ હજારથી વધુ ભાવિકો મળીને દર વર્ષે અંદાજે ૯૭ લાખ શ્રદ્ધાળુઓ જ્યોતિર્લિંગના દર્શન કરે છે, જેના મૂળમાં સોમનાથ આવાગમન માટે રોડ રસ્તા, રેલ અને એર કનેક્ટિવિટી સાથોસાથ આધુનિક સુવિધાઓ જવાબદાર છે. અહીં આવતા દર્શનાર્થીઓને રહેવા જમવા માટે ઉત્તમ







સુવિધાઓમા સોમનાથ ટ્રસ્ટ દ્વારા સાગર દર્શન, અન્ય ભવનો તેમજ આધુનિક સર્કિટ હાઉસ રહેવાની ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડે છે.

**સોમનાથ યાત્રાધામના મુખ્ય આકર્ષણ**

સમુદ્ર દર્શન પથ પાસે હનુમાનજીની ૧૬ ફૂટ ઊંચી પ્રતિમા, તેમજ સમુદ્ર દર્શન પથ પર ૨૦૨ મારુતિ હાટ ઉભી કરવામાં આવી છે. મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક અર્પણ કરાતા ગંગાજળને રિફાઈન કરી સોમગંગા અભિષેક જલ ભાવિકોને પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવે છે.

સોમનાથ મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે લાઈટ એન્ડ સાઉન્ડ શૉ અને ઉત્સવોનું આકર્ષણ પણ રહ્યું છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૦ લાખથી વધુ લોકોએ સોમનાથની ગાથા વર્ણવતો લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નિહાળ્યો છે.

**સોમનાથ પહોંચવા આવાગમનની સુવિધા**

સોમનાથની યાત્રા ભક્તો માટે વધુ સરળ અને આરામદાયક બને તે હેતુથી ૮૨૮ કરોડના ખર્ચે જેતપુર-સોમનાથ ફોર લેન હાઈવેના કારણે યાત્રિકોને એક્સપ્રેસવેની સુવિધા મળી છે. સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસના કારણે અમદાવાદથી સોમનાથની યાત્રા હવે વધુ ઝડપી અને સુલભ બની છે. આ ઉપરાંત કેશોદ ઍરપોર્ટ અને રાજકોટ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના નિર્માણ બાદ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સોમનાથ પહોંચવું સુલભ બન્યું છે.

**આઈકોનિક સોમનાથની વેસ્ટમાંથી બેસ્ટ પહેલ**

વર્ષ ૨૦૧૮ માં 'સ્વચ્છ આઈકોનિક પ્લેસ' તરીકે માન્યતા પ્રાપ્ત કરનાર સોમનાથ આજે ટકાઉ વિકાસ અને નવીનતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. વેસ્ટ સેગ્રિગેશન કેન્દ્રોમાં હવે મંદિરના ફૂલોને વર્મીકમ્પોસ્ટમાં રૂપાંતરિત કરીને તેનો ઉપયોગ ૧૭૦૦ બિલ્વ વૃક્ષોના સંવર્ધનમાં થાય છે. મિશન LiFE પહેલ હેઠળ પ્લાસ્ટિક કચરામાંથી દર મહિને પેવર બ્લોક્સ તૈયાર કરવામાં આવે છે. અહીં દર મહિને લગભગ ૪૭૦૦ પ્લાસ્ટિક-ફ્લાય ઍશ બ્લોક્સનું ઉત્પાદન કરવામાં આવશે,

**પાણી શુદ્ધિકરણ અને જળસંચય સાથે નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં પહેલ**

દરિયાના ખારા પાણી વિરુદ્ધ ૬૨ લાખ રૂ. ના ખર્ચે પુનઃસ્થાપિત કરવામાં આવેલ છ વરસાદી પાણી સંગ્રહના કુવાઓ અને એક જળાશય દર મહિને લગભગ ૩૦ લાખ લિટર ગટરના પાણીને શુદ્ધ કરે છે, જેનો ઉપયોગ વનીકરણ માટે થાય છે. ૧૬૦ લાખના રોકાણ સાથે આઠ ગટર શુદ્ધિકરણ પ્લાન્ટે કૃષિ અને લેન્ડસ્કેપ સિંચાઈ માટે ૨૦.૫૩ કરોડ લિટર પાણી ફિલ્ટર કર્યું છે.

૭૨૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસિત ૭૨૦૦ વૃક્ષો ધરાવતું મિયાવાકી વન દરિયાઈ અને ખારા પવનો સામે રક્ષણ આપે છે. એટલું જ નહીં, ટ્રસ્ટ દ્વારા સેવાભાવે અભિષેક માટેનું પવિત્ર પાણી નવ સ્તરીય શુદ્ધિકરણ પ્લાન્ટ દ્વારા શુદ્ધ કરીને 'સોમગંગાજલ' તરીકે ૧૫ રૂપિયામાં વિતરિત કરવામાં આવે છે. આ તમામ પ્રયાસો દ્વારા સોમનાથ નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

**ડિજિટલ માધ્યમથી દર્શન, પ્રસાદ, પૂજા-વિધિ બની સરળ**

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગથી દેશ વિદેશના શ્રદ્ધાળુઓને લાઈવ દર્શન કરવા માટે અધતન ટેકનોલોજીના માધ્યમથી વ્યવસ્થા ગોઠવી છે. યાત્રિકો ઘરે બેઠા પૂજા વિધિ નું રજીસ્ટ્રેશન, અતિથિ ગૃહ રૂમનું બુકિંગ, ડોનેશન, સોમેશ્વર મહાપૂજા, ધ્વજા પૂજા, રુદ્રાભિષેક વિગેરે પૂજા વિધિ ઓનલાઈન બુક કરાવી શકશે. શ્રી સોમનાથની પ્રસાદી તેમજ શ્રી સોમનાથ મંદિરમાં પૂજા કરાયેલ ચાંદીના સિક્કા, શ્રી પાર્વતીમાતાને ચડાવેલ સાડી, મહાદેવને શૃંગાર કરેલ વસ્ત્રો તથા મંદિર પર ધ્વજા રોહણ કરાયેલ ધ્વજા પણ વસ્ત્ર પ્રસાદી રૂપે ઓનલાઈન મંગાવી શકશે તેમજ સ્નેહી સંબંધીને પણ મોકલાવી શકાશે. શ્રી સોમનાથના રોજેરોજના લાઈવ દર્શન, આરતી તેમજ સાઈટ સીન, પ્રવાસન સ્થળો, હેરીટેજ વોક, ટેમ્પલ વોકની પણ માહિતી પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

સોમનાથ માત્ર તેની દિવ્યતા, પવિત્રતા, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિની વિરાસતથી ઉપર ઉઠી આજે વૈશ્વિક પ્રવાસનધામ તરીકે આગવી ઓળખ ઉભી કરી છે.



## IPLમાં રીલ બનાવવા-પોસ્ટ કરવા પર BCCIનો પ્રતિબંધ

# નિયમ તોડવા પર ખેલાડીઓ-કોમેન્ટેટર્સ અને ટીમ પર દંડની સાથે કાયદેસરની કાર્યવાહી પણ

મુંબઈ, તા.09

ખેલાડીઓ, તેમના પરિવારના સભ્યો અને બ્રોડકાસ્ટર માટે કામ કરી રહેલા પૂર્વ ક્રિકેટરો IPL મેચ દરમિયાન રીલ બનાવી શકશે નહીં કે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શકશે નહીં. નિયમ તોડવા પર BCCI દંડ અને કાનૂની કાર્યવાહી કરી શકે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPLમાં ભ્રષ્ટાચાર વિરોધી અને સુરક્ષા વ્યવસ્થાને લઈને ખેલાડીઓ, કોમેન્ટેટરો, તેમના પરિવાર અને બ્રોડકાસ્ટરો માટે સોશિયલ મીડિયા કન્ટેન્ટ પર કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. બોર્ડે કહ્યું છે કે સંવેદનશીલ વિસ્તારોમાં રીલ કે વીડિયો બનાવવો સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. મીડિયા રિપોર્ટ અનુસાર, BCCIની એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ આ સિઝનમાં નિયમ ભંગના ઘણા કેસ પકડ્યા છે. આમાં ખેલાડીઓ અને બ્રોડકાસ્ટર તરીકે કામ કરી રહેલા પૂર્વ ક્રિકેટરો પણ સામેલ છે. બોર્ડે ચેતવણી આપી છે કે સુરક્ષા પ્રોટોકોલનું પાલન ન કરનારાઓ પર ભારે દંડ અને કાનૂની કાર્યવાહી થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, આ સિઝનમાં કેટલાક કોમેન્ટેટર્સે નિયમો તોડ્યા છે. એક પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર મેચની મહત્વની પળોમાં ડગઆઉટ પાસે ફોનથી વીડિયો બનાવતા જોવા મળ્યા હતા. BCCI ટીમે તરત જ રેકોર્ડિંગ અટકાવ્યું. બોર્ડ હવે એક પૂર્વ ક્રિકેટરને કાનૂની નોટિસ મોકલવાની તૈયારીમાં છે, જે મેદાન પર પોતાની યુટ્યુબ ચેનલ માટે વીડિયો શૂટ કરી રહ્યો હતો. નિયમ અનુસાર, IPLનો સત્તાવાર ડ્રેસ પહેરીને મેદાન પર ખાનગી કન્ટેન્ટનું શૂટિંગ કરી શકાતું નથી. BCCIને ચિંતા છે કે નવી પેઢીના ક્રિકેટરો સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ પોસ્ટ કરવામાં વધુ રસ દાખવી રહ્યા છે. એક ભારતીય ખેલાડીને ટીમની મુસાફરી અને રોકાણની માહિતી શેર કરતા રોકવામાં આવ્યો છે. બોર્ડે જોયું કે કેટલાક ખેલાડીઓ મેચ પહેલાં કે પૂરી થતાં જ વીડિયો પોસ્ટ કરી દે છે. આનાથી ટીમની પ્રાઈવસી અને સુરક્ષાને ખતરો થઈ શકે છે. ઘણીવાર રીલ દ્વારા પ્લેઈંગ-11નો સંકેત પણ મળી જાય છે. બોર્ડે ખેલાડીઓના પરિવારના સભ્યોને IPL દરમિયાન ફોટો અને વીડિયો પોસ્ટ કરવાનું ટાળવા જણાવ્યું છે. અગાઉ એક ભારતીય ફાસ્ટ બોલરને તેની પત્ની દ્વારા બનાવેલા ટીમ હોટલના વીડિયોને પ્રમોટ કરવા બદલ ચેતવણી આપવામાં આવી હતી. બોર્ડે એવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ પર પણ નારાજગી વ્યક્ત કરી છે, જેમને ફ્રેન્ચાઈઝીએ ટીમ સાથે અનફિલ્ટર્ડ એક્સેસ આપ્યો છે. બોર્ડનું માનવું છે કે આનાથી એન્ટી-કરપ્શન પ્રોટોકોલનું ઉલ્લંઘન થાય છે. ટીમ બસમાં બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ વાંધો ઉઠાવ્યો છે કે કેટલાક સિનિયર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પરિવાર કે મિત્રોને ટીમ બસમાં મુસાફરી કરવા દે છે. BCCIએ કહ્યું કે ટીમ બસ અને હોટલના પ્રતિબંધિત વિસ્તારોમાં ફક્ત અધિકૃત લોકોને જ મંજૂરી આપવામાં આવશે. બોર્ડે કહ્યું કે આ જ નિયમો રાજ્યોની ટી-20 લીગમાં પણ લાગુ પડશે, કારણ કે ત્યાં પણ IPLના ઘણા ખેલાડીઓ રમે છે અને યુવાનો માટે ખોટું ઉદાહરણ પૂરું પાડે છે. આનાથી ટીમની પ્રાઈવસી અને સુરક્ષાને ખતરો થઈ શકે છે. ઘણીવાર રીલ દ્વારા પ્લેઈંગ-11નો સંકેત પણ મળી જાય છે. બોર્ડે ખેલાડીઓના પરિવારના સભ્યોને IPL દરમિયાન ફોટો અને વીડિયો પોસ્ટ કરવાનું ટાળવા જણાવ્યું છે. અગાઉ એક ભારતીય ફાસ્ટ બોલરને તેની પત્ની દ્વારા બનાવેલા ટીમ હોટલના વીડિયોને પ્રમોટ કરવા બદલ ચેતવણી આપવામાં આવી હતી. બોર્ડે એવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ પર પણ નારાજગી વ્યક્ત કરી છે, જેમને ફ્રેન્ચાઈઝીએ ટીમ સાથે અનફિલ્ટર્ડ એક્સેસ આપ્યો છે. બોર્ડનું માનવું છે કે આનાથી એન્ટી-કરપ્શન પ્રોટોકોલનું ઉલ્લંઘન થાય છે. ટીમ બસમાં બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ વાંધો ઉઠાવ્યો છે કે કેટલાક સિનિયર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પરિવાર કે મિત્રોને ટીમ બસમાં મુસાફરી કરવા દે છે. BCCIએ કહ્યું કે ટીમ બસ અને હોટલના પ્રતિબંધિત વિસ્તારોમાં ફક્ત અધિકૃત લોકોને જ મંજૂરી આપવામાં આવશે. બોર્ડે



કહ્યું કે આ જ નિયમો રાજ્યોની ટી-20 લીગમાં પણ લાગુ પડશે, કારણ કે ત્યાં પણ IPLના ઘણા ખેલાડીઓ રમે છે અને યુવાનો માટે ખોટું ઉદાહરણ પૂરું પાડે છે.

# રેસલર વિનેશ ફોગાટ પર WFIએ પ્રતિબંધ મૂક્યો : ડોપિંગ નિયમોના ઉલ્લંઘનનો આરોપ



જીંદ, તા.09

ભારતીય કુસ્તી મહાસંઘ (WFI) એ ઓલિમ્પિયન રેસલર વિનેશ ફોગાટ પર 26 જૂન સુધી ડોમેસ્ટિક કોમ્પિટિશન રમવા પર પ્રતિબંધ મૂક્યો છે. WFI એ શનિવારે વિનેશને નોટિસ મોકલીને કહ્યું કે તેણે WFI ના નિયમો, ડોપ નિયમો અને આંતરરાષ્ટ્રીય કુસ્તી નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. WFI નું કહેવું છે કે વિનેશે નિવૃત્તિમાંથી પાછા ફરવા માટે છ મહિના પહેલા જાણ કરી ન હતી. વિનેશના વર્તનથી દેશને શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છે અને ભારતીય કુસ્તીની છબી ખરાબ થઈ છે. ઓગસ્ટ 2024 માં યોજાયેલી પેરિસ ઓલિમ્પિકમાં ઓવરવેઈટ હોવાને કારણે વિનેશ ફોગાટને ડિસક્વોલિફાય કરવામાં આવી હતી. ત્યારે તેણે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. જોકે, બાદમાં તેણે પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. બીજું, 18 ડિસેમ્બર 2025 ના રોજ બેંગલુરુમાં થયેલા ડોપ ટેસ્ટમાં સામેલ ન થવા બદલ આ જ મહિને 4 મેના રોજ ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA) એ વિનેશ ફોગાટને નોટિસ જાહેર કરી હતી. ઓલિમ્પિયન રેસલર વિનેશ ફોગાટે 3 મેના રોજ ભારતીય કુસ્તી સંઘ (WFI) ના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહ પર ફરી એકવાર ગંભીર આરોપો લગાવ્યા હતા. સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને વિનેશે કહ્યું હતું કે, યુપીના ગોંડામાં 10 થી 12 મે દરમિયાન સિનિયર ઓપન રેન્કિંગ કુસ્તી ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. આજે કેટલીક મજબૂરીઓના કારણે હું કહેવા માંગુ છું કે બ્રિજભૂષણ શરણ વિરુદ્ધ ફરિયાદ કરનારા તે 6 પીડિતોમાં હું પણ સામેલ છું. મારી જુબાની પણ કોર્ટમાં ચાલી રહી છે. મારું તેમના ઘરે (ગોંડા) જઈને સ્પર્ધા લડવી મુશ્કેલ બનશે. મને નથી લાગતું કે હું મારું 100% આપી શકીશ. એક છોકરી માટે આ ઘણું મુશ્કેલ હશે. જણાવી દઈએ કે લગભગ 3 વર્ષ પહેલા વિનેશે બ્રિજભૂષણ પર મહિલા ખેલાડીઓના યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. તેને લઈને દિલ્હીના જંતર-મંતર પર મહિલા કુસ્તીબાજોએ બ્રિજભૂષણ વિરુદ્ધ ધરણા પણ કર્યા હતા. વિનેશ હરિયાણાના જુલાનાથી કોંગ્રેસના ધારાસભ્ય છે. બ્રિજભૂષણ ભાજપના પૂર્વ સાંસદ છે. વર્તમાનમાં તેમનો એક પુત્ર યુપીથી સાંસદ અને એક ધારાસભ્ય છે. વિનેશે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરતા કહ્યું- આપ સૌને નમસ્કાર. જેમ કે બધાને ખબર છે કે છેલ્લા દોઢ વર્ષથી હું રેસલિંગ મેટથી ઘણી દૂર હતી. પરંતુ હવે કેટલાક મહિનાઓથી હું રેસલિંગની તૈયારીઓ કરી રહી છું. ખૂબ મહેનત અને ઈમાનદારીથી મહેનત કરી રહી છું.

### મિચેલે રહાણેની વિકેટ સેલિબ્રેટ કરી, ગ્રીને 94 મીટરનો છગ્ગો ફટકાર્યો, અનુકૂલ રોયનો રનિંગ કેચ

# 10 સિક્સર... 5 ચોગ્ગા... એલને 47 બોલમાં સદી ફટકારી

**મેચમાં તે 14 બોલમાં 23 રન બનાવીને આઉટ થયો. કેએલ રાહુલના 500 IPL ચોગ્ગા પૂરા કેએલ રાહુલે કોલકાતા સામે ચાર ચોગ્ગા ફટકાર્યા અને IPLમાં 500 ચોગ્ગા પૂરા કર્યા**

મુંબઈ, તા.09

IPLમાં શુક્રવારે કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને આઠ વિકેટે હરાવ્યું. કેએલ રાહુલે ત્રણ અલગ-અલગ ટીમો માટે 1000+ રન પૂરા કરીને ઈતિહાસ રચ્યો. તેના IPL માં 500 ચોગ્ગા પણ પૂરા થયા. બીજી તરફ કેમરન ગ્રીનના 94 મીટર લાંબા છગ્ગાથી બોલ ગુમ થઈ ગયો. કેએલ રાહુલના દિલ્હી માટે એક હજાર રન પૂરા વિકેટકીપર-બેટર કેએલ રાહુલે દિલ્હી કેપિટલ્સ માટે 1,000 રન પૂરા કર્યા. રાહુલ IPL ઈતિહાસમાં 3 ટીમોમાંથી 1,000 રન બનાવનાર પ્રથમ બેટર બન્યા. મેચમાં તે 14 બોલમાં 23 રન બનાવીને આઉટ થયો. કેએલ રાહુલના 500 IPL ચોગ્ગા પૂરા કેએલ રાહુલે કોલકાતા સામે ચાર ચોગ્ગા ફટકાર્યા અને IPLમાં 500 ચોગ્ગા પૂરા કર્યા. IPLમાં સૌથી વધુ 813 ચોગ્ગા વિરાટ કોહલીએ ફટકાર્યા છે. શિખર ધવન 768 ચોગ્ગા સાથે બીજા સ્થાને છે. ડેવિડ વોર્નરે 663 અને રોહિત શર્માએ 659 ચોગ્ગા ફટકાર્યા છે. અજિંક્ય રહાણે 526 ચોગ્ગા સાથે પાંચમા અને સુરેશ રૈના 506 ચોગ્ગા સાથે છઠ્ઠા સ્થાને છે. રાહુલ 500 ચોગ્ગા સાથે સાતમા સ્થાને છે. એલને કોલકાતા માટે સૌથી ઝડપી સદી ફટકારી દિલ્હી સામે કોલકાતાના ઓપનર ફિન એલને 47 બોલમાં સદી ફટકારી. તે કોલકાતા માટે સૌથી ઝડપી સદી ફટકારનાર બેટર બન્યો. આ તેના IPL કરિયરની પ્રથમ સદી હતી. તે કોલકાતા માટે IPLમાં સદી ફટકારનાર ચોથો બેટર છે. અનુકૂલ રોયનો રનિંગ કેચ, અક્ષર પટેલ આઉટ દિલ્હીની ઈનિંગ્સની 19મી ઓવરના ત્રીજા બોલ પર ટીમે છઠ્ઠી વિકેટ ગુમાવી. કેપ્ટન અક્ષર પટેલ 22 બોલમાં 11 રન બનાવીને આઉટ થયા. વૈભવ અરોરાએ તેમને અનુકૂલ રોયના હાથે કેચ કરાવ્યા. અનુકૂલે ડીપ મિડવિકેટ બાઉન્ડ્રી પર રનિંગ કેચ પકડ્યો.





# નોરા ફતેહીએ ઈતિહાસ રચ્યો, FIFAની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે

મુંબઈ, તા.09

દમદાર ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહી FIFA વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરનારી પ્રથમ બોલિવૂડ એક્ટ્રેસ બનશે. આ સેરેમની 12 જૂને કેનેડાના ટોરોન્ટોમાં BMO ફિલ્ડમાં યોજાશે. FIFA વર્લ્ડ કપના ઓફિશિયલ હેન્ડલે નોરા ફતેહીના ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરવા અંગેની માહિતી આપી છે. આ પહેલા નોરાએ FIFA વર્લ્ડ કપ 2022ની ક્લોઝિંગ સેરેમની અને ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કર્યું હતું. હવે તે પ્રથમ અને એકમાત્ર બોલિવૂડ કલાકાર બનશે, જેણે ફૂટબોલ અને ક્રિકેટના વર્લ્ડ કપની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કર્યું છે. વર્લ્ડ કપ 2026 ત્રણ દેશો (અમેરિકા, મેક્સિકો અને કેનેડા) માં યોજાઈ રહ્યો છે, તેથી ફીફાએ દરેક યજમાન દેશની પ્રથમ મેચ પહેલાં ત્રણ અલગ-અલગ ઓપનિંગ સેરેમની યોજવાની યોજના બનાવી છે. કેનેડાની સેરેમનીમાં બાંગ્લાદેશી મૂળના અમેરિકન ડીજે સંજોય પણ પરફોર્મ કરશે. સંજોયે 2011માં બોલિવૂડ ફિલ્મ રા.વનના પ્રખ્યાત ગીત 'છમ્મક છલ્લો'નું એક સત્તાવાર રીમિક્સ તૈયાર કર્યું હતું. નોરા અને સંજોય ઉપરાંત આ ઈવેન્ટમાં માઈકલ બુબ્લે, એલાનિસ મોરિસેટ, એલેસિયા કારા, એલિયાના, જેસી રેયેઝ, વેજીડ્રીમ અને વિલિયમ પ્રિન્સ જેવા કલાકારો સામેલ થશે. સિંગર કેટી પેરી અમેરિકામાં યોજાનારી ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. પેરીએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર શેર કર્યાં. તેણે જણાવ્યું કે તે 12 જૂને અમેરિકાના લોસ એન્જલસમાં ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. આ ઈવેન્ટ કેલિફોર્નિયાના સોફી સ્ટેડિયમમાં યોજાશે, જ્યાં અમેરિકા અને પેરાગ્વે વચ્ચે મેચ રમાશે. કેટી પેરી ઉપરાંત લિસા, ટાયલા, અનિતા અને રેમા પણ ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. 11 જૂને મેક્સિકો સિટીમાં યોજાનારી ઓપનિંગ સેરેમનીમાં ટાયલા, અલેજાન્ડ્રો ફર્નાન્ડેઝ, ડેની ઓશન, લીલા ડાઉન્સ, બેલિન્ડા, જે બાલવિન અને બેન્ડ લોસ એન્જલસ અઝુલ્સ અને માના પરફોર્મ કરશે. ફિફા વર્લ્ડ કપ 2026માં શકીરા પણ વાપસી કરશે. તેણે ટૂર્નામેન્ટ માટે નવું ગીત 'દાઈ દાઈ' અનાઉન્સ કર્યું છે. આ ગીતમાં નાઈજીરીયન સિંગર બર્ના બોય પણ સામેલ છે. શકીરાનું 2010 વર્લ્ડ કપ એન્થમ વાકા વાકા ખૂબ ફેમસ થયું હતું. ફિફા વર્લ્ડ કપ 2026નું આયોજન 11 જૂનથી 19 જુલાઈ સુધી થશે. ટૂર્નામેન્ટમાં કુલ 104 મેચ રમાશે. પહેલી મેચ મેક્સિકો સિટીમાં જ્યારે ફાઈનલ ન્યૂ જર્સીમાં આયોજિત થશે.

# ડૉ.સાઈ પલ્લવીની કંગનાની ફિલ્મમાં જુનિયર આર્ટિસ્ટ બનવાથી લઈને 'રામાયણ'ની સીતા સુધીની રસપ્રદ સફર



દુબઈ, તા.09

ભારતીય સિનેમાની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક 'રામાયણ'માં માતા સીતાના પાત્રમાં જોવા મળનારી સાઉથ સ્ટાર સાઈ પલ્લવી આજે 34 વર્ષની થઈ ગઈ છે. સાઈ પલ્લવી ક્યારેક એક ડાન્સ રિયાલિટી શોની સામાન્ય સ્પર્ધક હતી. બાળપણમાં તે કંગના રનૌતની ફિલ્મમાં જુનિયર આર્ટિસ્ટ તરીકે પણ જોવા મળી હતી. સાઈ પલ્લવીનો જન્મ તમિલનાડુના કોઈમ્બતૂરમાં થયો હતો. પિતા એક્સાઈઝ ઓફિસર અને એક ફૂટબોલ પ્લેયર હતા અને માતા રાધા એક ડાન્સર હતાં. બાળપણમાં સાઈ પણ સારી બેડમિન્ટન પ્લેયર હતી. સાઈ માત્ર 13 વર્ષની ઉંમરે 'કસ્તૂરી માન' (2005) ફિલ્મમાં બાળ કલાકાર તરીકે જોવા મળી હતી. આ પછી તેણે 2008ની તમિલ ફિલ્મ 'ધામ ધૂમ'માં જુનિયર આર્ટિસ્ટ તરીકે કામ કર્યું. તે સમયે તે છઠ્ઠા ધોરણમાં હતી. આ ફિલ્મથી કંગના રનૌતે તમિલ સિનેમામાં ડેબ્યૂ કર્યું હતું. માતાના પગલે ચાલતા સાઈને ડાન્સમાં રસ પડવા લાગ્યો. ટીનેજમાં તેણે તમિલ ડાન્સ શો 'ઉંગાલિલ યાર ઉધુતા પ્રભુ દેવા' (કોણ બનશે આગલો પ્રભુ દેવા) (2008) માં ભાગ લીધો. શોના એક એપિસોડમાં સાઉથ સ્ટાર સામંથા રૂથપ્રભુ સાઈના ડાન્સથી પ્રભાવિત થઈ હતી અને ખૂબ વખાણ કર્યા હતાં. ત્યારથી જ સાઈને થોડી-ઘણી ઓળખ મળવા લાગી. 'કોણ બનશે આગલો પ્રભુ દેવા' શોમાં જો સાઈ ફાઈનલિસ્ટ હોત, તો તેને પ્રભુ દેવાને મળવાનો મોકો મળત, પરંતુ સેમી ફિનાલેમાં જ શોમાંથી બહાર થવાને કારણે તે પ્રભુ દેવાને મળી શકી નહીં. પરંતુ સંયોગવશ વર્ષો પછી પ્રભુ દેવાએ તેના માટે ડાન્સ કોરિયોગ્રાફ કર્યો, જેણે એક મોટો રેકોર્ડ બનાવ્યો. સાઈ તે ડાન્સ રિયાલિટી શો જીતી શકી નહીં, પરંતુ તેમની પરફોર્મન્સ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ. તે સમયે સાઉથના ડિરેક્ટર અલ્ફોન્સ પુથ્રેન પોતાની એક ફિલ્મ માટે નવા ચહેરાની શોધમાં હતા કે ત્યારે એક દિવસ ફેસબુક પર તેમની નજર એક ડાન્સ વીડિયો પર પડી. સાઈ રજાઓમાં ભારત આવતી હતી અને બાકીનો સમય જ્યોર્જિયામાં રહેતી હતી. સાઉથ રિપોર્ટ્સ અનુસાર, સાઈ શરૂઆતમાં જ્યોર્જિયા જવા માંગતી ન હતી, ત્યારે તેની માતાએ કહ્યું હતું કે, 'જો તું નહીં જાય, તો તારી કઝિન ત્યાં ગોરી થઈ જશે, સારી અંગ્રેજી શીખશે અને તેને સારા સંબંધો પણ મળશે.' આ જ લાલચમાં માતાએ તેને જ્યોર્જિયા જવા માટે રાજી કરી. જ્યારે સાઈની ફાઈનલ યરની પરીક્ષાઓ નજીક આવી, ત્યારે તે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કોઈમ્બતુર આવી ગઈ. આ એ જ સમય હતો, 6 વર્ષ પહેલાં સાઈને ફિલ્મ ઓફર કરનાર ડિરેક્ટર અલ્ફોન્સે ફિલ્મ 'પ્રેમમ' શરૂ કરી.

# સેલિના જેટલીએ પતિ પીટર વિરુદ્ધ FIR નોંધાવી

### ઘરેલું હિંસા, સંપત્તિ છીનવી લેવાનો આરોપ; 2 દિવસ પહેલાં દીકરાની કબર પર જઈને ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી

મુંબઈ, તા.09

'નો એન્ટ્રી' ફેમ એક્ટ્રેસ સેલિના જેટલીએ તેના ઓસ્ટ્રિયન બિઝનેસમેન અને હોટેલિયર પતિ પીટર હાગ વિરુદ્ધ મુંબઈ પોલીસમાં FIR નોંધાવી છે. એક્ટ્રેસે પતિ પર મારપીટ, નુકસાન પહોંચાડવું, ધમકી આપવા અને સતત પરેશાન કરવાના આરોપો લગાવ્યા છે. ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, મુંબઈના વર્સોવા પોલીસ સ્ટેશનમાં શુક્રવારે FIR નોંધવામાં આવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની કલમ 85, 115(2), 351(2) અને 352 હેઠળ કેસ નોંધ્યો છે. આ કાર્યવાહી ઘરેલુ હિંસા અધિનિયમ, 2005 હેઠળ ચાલી રહેલી કાનૂની પ્રક્રિયા ઉપરાંત કરવામાં આવી છે. તપાસમાં સહયોગ ન કરવાને કારણે મુંબઈ પોલીસે પીટર હાગ વિરુદ્ધ લુક આઉટ સર્ક્યુલર (LOC) પણ જારી કર્યું છે. પોલીસ મામલાની તપાસ કરી રહી છે.



ગયા વર્ષે નવેમ્બરમાં સેલિના જેટલીએ અંધેરી કોર્ટમાં પતિ વિરુદ્ધ ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરાવ્યો હતો. કોર્ટના દસ્તાવેજો અનુસાર, તેણે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ વચગાળાની રાહત અને એકતરફી રાહતની માંગ કરી હતી. અંધેરી કોર્ટમાં પોતાની અરજીમાં એક્ટ્રેસે પીટર પર પરપુરુષ સાથે સંબંધ બાંધવા દબાણ, પ્રાઈવેટ પાર્ટમાં રોડ નાખવાની ધમકી સહિતના 15 ગંભીર અને ચોંકાવનારા આરોપો લગાવ્યા છે. પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખવાની ધમકી- સેલિના અને પીટરે 2010માં લગ્ન કર્યાં હતાં. વર્ષ 2012માં દિલ્હીમાં થયેલા નિર્ભયાકાંડ પછી જ્યારે પણ પીટર અને સેલિના વચ્ચે ઝઘડો થતો ત્યારે તે પ્રાઈવેટ પાર્ટમાં સળિયો (રોડ) નાખવાની ધમકી આપતો. અપ્રાકૃતિક યૌન સંબંધ બાંધવાનું દબાણ- સેલિનાનો આરોપ છે કે પીટર તેને દરરોજ તેના સ્ટડી રૂમમાં બોલાવતો અને તેને પોતાની શરતો પર અપ્રાકૃતિક યૌન ગતિવિધિઓમાં સામેલ થવા માટે મજબૂર કરતો હતો. કંપનીના બોર્ડ ડિરેક્ટર્સ સાથે સંબંધ બાંધવાનું દબાણ- અરજીમાં જણાવાયું છે કે પીટરે 2014ના અંત અને 2015ની શરૂઆત વચ્ચે વર્કપ્લેસ પર પોતાની સ્થિતિ સુધારવા માટે સેલિનાને કંપનીના બોર્ડ ડિરેક્ટર્સમાંથી એકસાથે ફિઝિકલ રિલેશન બનાવવાની સલાહ આપી હતી. નિર્વસ્ત્ર ફોટો પાડ્યા, પછી બ્લેકમેલ કર્યું- સેલિનાએ દાવો કર્યો કે પતિ પીટરે પહેલા તેના નિર્વસ્ત્ર અને વાંધાજનક ફોટો પાડ્યા અને પછી તેના દ્વારા બ્લેકમેલ કર્યું. પિટર આ તસવીરો દ્વારા ધમકી આપતો હતો.

# UPI-ATM દ્વારા આ જ મહિનાથી PF કાઢી શકશે : નવી સિસ્ટમ લોન્ચ કરવાની તૈયારી પૂરી, 7.8 કરોડ સબસ્ક્રાઈબર્સને તરત પૈસા મળશે

**નવી દિલ્હી, તા.09**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) મે મહિનાના અંત સુધીમાં ATM અને UPI દ્વારા ફંડ ઉપાડવાની સુવિધા શરૂ કરવા જઈ રહ્યું છે. EPFO 3.0 પહેલ હેઠળ 7.8 કરોડ સબસ્ક્રાઈબર્સને કોઈપણ કાગળની કાર્યવાહી વિના ફંડ તરત જ મળી શકશે. આ સિસ્ટમ 2026ના મધ્ય સુધીમાં સંપૂર્ણપણે લાગુ થઈ જશે. ત્યારબાદ PF સંબંધિત તમામ પ્રક્રિયાઓ યુઝર-ફ્રેન્ડલી બની જશે. તેમાં ઓટો-ક્લેમ સેટલમેન્ટ અને કર્મચારીની પસંદગીના બેંક ખાતામાં સીધા ફંડ ટ્રાન્સફર જેવી સુવિધાઓ શામેલ છે.

ATM અને UPIનો વિકલ્પ મળવાથી PF ખાતાધારકોને ઓફિસ જવાની જરૂર નહીં પડે.

ચાલો આ નવી વ્યવસ્થા અને તેનાથી થનારા ફેરફારોને આ પ્રશ્ન-જવાબ દ્વારા સમજીએ...

સવાલ 1: EPFO 3.0 શું છે અને તેને લઈને આટલી ચર્ચા કેમ છે?

જવાબ: EPFO એટલે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન. તે પગારમાંથી કપાતી PF રકમને મેનેજ કરે છે અને નિવૃત્તિ માટે બચતની વ્યવસ્થા કરે છે. EPFO 3.0 તેનું નવું ડિજિટલ અપગ્રેડ છે, જે 8-9 કરોડ સભ્યો માટે PF પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવશે. આમાં ઓટોમેટિક ક્લેમ સેટલમેન્ટ, ઝડપી સેવાઓ અને વધુ પારદર્શિતા હશે. EPFO 2.0 માં પહેલાથી જ કેટલાક સુધારા થયા હતા, પરંતુ 3.0 ને ગેમ-ચેન્જર માનવામાં આવી રહ્યું છે. શ્રમ મંત્રીએ કહ્યું હતું કે આ 2025 ના મધ્ય સુધીમાં લોન્ચ થશે, પરંતુ હવે



તેમાં થોડો વિલંબ થઈ રહ્યો છે.

સવાલ 2: ATM-UPIથી PF ઉપાડવાની સુવિધા શું છે અને તે કેવી રીતે કામ કરશે?

જવાબ: આ EPFO 3.0 નું સૌથી ખાસ ફીચર છે. હાલમાં PF કાઢવા માટે ઓનલાઈન ફોર્મ ભરવું પડે છે, દસ્તાવેજો જમા કરવા પડે છે અને 7-10 દિવસ રાહ જોવી પડે છે. પરંતુ EPFO 3.0 માં તમે તમારા PF ખાતામાંથી ATM દ્વારા સીધા પૈસા ઉપાડી શકશો, જેમ ડેબિટ કાર્ડથી કેશ કાઢો છો. સાથે જ ફોનપે, ગૂગલપે જેવા UPI એપથી 1 લાખ રૂપિયા સુધી તરત ટ્રાન્સફર થઈ શકશે. આનાથી ઈમરજન્સીમાં પૈસાની જરૂરિયાત સરળતાથી પૂરી થઈ શકશે.

સવાલ 3: શું સરળ ઉપાડની સુવિધા બધાને મળશે?

જવાબ: ATM, UPI દ્વારા ઉપાડ માટે કેટલીક શરતો હશે. સભ્યનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર સક્રિય હોવો જરૂરી છે. તે આધાર, પાન, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ જેવા દસ્તાવેજો સાથે જોડાયેલો પણ હોવો જોઈએ.

PF ખાતામાંથી કેટલા પૈસા ઉપાડી શકાશે?

જવાબ: EPFO ATM અથવા UPI દ્વારા ઉપાડની મર્યાદા નક્કી કરવા જઈ રહ્યું છે. આ અંતર્ગત યુઝર પોતાના PF ખાતામાં જમા કુલ રકમના મહત્તમ 50% જ ઉપાડી શકશે. જોકે, PF ઉપાડના નિયમ હેઠળ જો કોઈ સભ્યની નોકરી છૂટી જાય તો તે 1 મહિના પછી PF ખાતામાંથી 75% પૈસા ઉપાડી શકે છે. આનાથી તે બેરોજગારી દરમિયાન પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે છે. PF માં જમા બાકીના 25% હિસ્સાને નોકરી છૂટ્યાના બે મહિના પછી ઉપાડી શકાય છે.

પ્રશ્ન: 4 ATM અને UPI થી PF ના પૈસા કેવી રીતે ઉપાડશે?

જવાબ: આ નવી પ્રક્રિયામાં EPFO તેના સબ્સ્ક્રાઈબર્સને એક વિશેષ ATM કાર્ડ જારી કરશે, જે તેમના PF એકાઉન્ટ સાથે લિંક હશે. આ કાર્ડનો ઉપયોગ કરીને સબ્સ્ક્રાઈબર્સ ATM મશીનોમાંથી સીધા તેમના PF ના પૈસા ઉપાડી શકશે. જ્યારે UPI થી પૈસા ઉપાડવા માટે તમારે તમારા PF એકાઉન્ટને UPI સાથે લિંક કરવું પડશે. આ પછી સબ્સ્ક્રાઈબર્સ PF ના પૈસા તેમના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી શકશે.

સવાલ 5: ATM ઉપાડ ઉપરાંત EPFO 3.0 માં બીજું શું નવું આવશે?

જવાબ: ઘણી નવી સુવિધાઓ આવશે:

ક્લેમ દાખલ કરતા જ આપોઆપ મંજૂર થઈ જશે, મેન્યુઅલ ચેકિંગની જરૂર નહીં પડે.

PF વિગતોમાં ભૂલ હોય તો EPFO ઓફિસ જવાની જરૂર નથી, ઓનલાઈન સુધારાશે.

e-KYC પ્રક્રિયા સરળ બનશે. એપ કે પોર્ટલ પર તરત અપડેટ્સ મળશે.

પેન્શનરો માટે સેન્ટ્રલાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમ. આનાથી કોઈપણ બેંક શાખામાંથી પેન્શન મળી શકશે.

# અટલ પેન્શન યોજનાના 11 વર્ષ પૂરા : આમાં દર મહિને ₹210નું રોકાણ કરવા પર ₹5000 પેન્શન

**નવી દિલ્હી, તા.09**

અટલ પેન્શન યોજના (APY) ને આજે એટલે કે 9 મે ના રોજ 11 વર્ષ પૂરા થયા છે. આ યોજના મે 2015 માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1,000 થી લઈને 5,000 રૂપિયાનું પેન્શન મળે છે. અમે તમને અટલ પેન્શન યોજના વિશે જણાવી રહ્યા છીએ

20 વર્ષ માટે કરવું પડે છે રોકાણ

અટલ પેન્શન યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1000 થી લઈને 5000 રૂપિયાનું પેન્શન મળે છે. આમાં 18 વર્ષથી 40 વર્ષ સુધીની વ્યક્તિ રોકાણ કરી શકે છે. જો કોઈ વ્યક્તિ આ સ્કીમ લે છે, તો તેને ઓછામાં ઓછા 20 વર્ષ રોકાણ કરવું પડશે.

તમારા પેન્શનના હિસાબે નક્કી થશે રોકાણની રકમ

આ યોજનામાં રોકાણ માટે તમારી રકમમાંથી કેટલું કપાશે તે તમે નિવૃત્તિ પછી કેટલી પેન્શન ઈચ્છો છો તેના પર નિર્ભર કરશે. દર મહિને 1 થી 5 હજાર રૂપિયા પેન્શન મેળવવા માટે સબ્સ્ક્રાઈબરને દર મહિને 42 થી 210 રૂપિયા સુધીનું યોગદાન




આપવું પડશે. આ 18 વર્ષની ઉંમરે સ્કીમ લેવા પર લાગુ પડશે. જ્યારે, જો કોઈ સબ્સ્ક્રાઈબર 40 વર્ષની ઉંમરે સ્કીમ લે છે, તો તેને દર મહિને 291 થી 1,454 રૂપિયા સુધીનું યોગદાન આપવું પડશે. સબ્સ્ક્રાઈબર જેટલું વધુ યોગદાન આપશે, તેને નિવૃત્તિ પછી તેટલી જ વધુ પેન્શન મળશે.

અહીં જુઓ અટલ પેન્શન યોજનામાં કેટલા પૈસા જમા કરવા પર કેટલી પેન્શન મળશે

જો 18 વર્ષનો કોઈ વ્યક્તિ દર મહિને

42 રૂપિયા જમા કરાવે, તો તેને 60 વર્ષ પછી દર મહિને 1000 રૂપિયા પેન્શન મળશે.

84 રૂપિયા જમા કરાવે, તો 2000 રૂપિયા પેન્શન મળશે.

126 રૂપિયા જમા કરાવે, તો 3000 રૂપિયા પેન્શન મળશે.

168 રૂપિયા જમા કરાવે, તો 4000 રૂપિયા પેન્શન મળશે.

210 રૂપિયા જમા કરાવે, તો 5000 રૂપિયા પેન્શન મળશે.

જો 40 વર્ષનો કોઈ વ્યક્તિ દર મહિને

291 રૂપિયા જમા કરાવે, તો તેને 60 વર્ષ પછી દર મહિને 1000 રૂપિયા પેન્શન મળશે.

582 રૂપિયા જમા કરાવે, તો 2000 રૂપિયા પેન્શન મળશે.

873 રૂપિયા જમા કરાવે, તો 3000 રૂપિયા પેન્શન મળશે.

1164 રૂપિયા જમા કરાવે, તો 4000 રૂપિયા પેન્શન મળશે.

1454 રૂપિયા જમા કરાવે, તો 5000 રૂપિયા પેન્શન મળશે.

નોંધ: 19 થી 39 વર્ષના લોકો માટે પણ અલગ-અલગ રકમ નક્કી કરવામાં આવી છે, તમે તેને ઓનલાઈન અથવા બેંકમાં જઈને જાણી શકો છો.

તમારી સુવિધા મુજબ હપ્તા ભરી શકો છો

# એર ઈન્ડિયા VP લેવલના અધિકારીઓના પગારમાં કાપ મૂકશે, ઈરાન યુદ્ધના કારણે 20% ફ્લાઈટ્સ રદ કરવાની તૈયારી

**નવી દિલ્હી, તા.09**

ટાટા ગ્રુપની એરલાઈન કંપની એર ઈન્ડિયા પોતાનો ખર્ચ ઘટાડવા માટે કર્મચારીઓના પગારમાં કાપ મૂકી શકે છે અને ફ્લાઈટ્સની સંખ્યા લગભગ 20% ઘટાડી શકે છે. હાલમાં, એરલાઈન દરરોજ લગભગ 900 ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. કંપની મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે જેટ ફ્યુઅલ મોંઘું થવાથી ઓપરેટિંગ કોસ્ટ વધવાને કારણે આ પગલું ભરવાની તૈયારી કરી રહી છે. નોંધનીય છે કે એરલાઈન પહેલાથી જ ખોટમાં છે અને તેના નવા CEOની શોધ કરી રહી છે.

કંપની તમામ કર્મચારીઓનો બોનસ પણ કાપી શકે છે

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુરુવારે યોજાયેલી બોર્ડ મીટિંગમાં એર ઈન્ડિયાએ નોન-ટેકનિકલ કર્મચારીઓને રજા પર મોકલવા અને વાઈસ પ્રેસિડેન્ટ અથવા તેનાથી ઉપરના સ્તરના અધિકારીઓના પગારમાં કાપ મૂકવા અંગે ચર્ચા કરી. આ ઉપરાંત, તમામ કર્મચારીઓના બોનસમાં પણ ઘટાડો કરી શકાય છે. એર ઈન્ડિયા ભારતની બીજી સૌથી મોટી એરલાઈન છે અને આ




ફેરફારોની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં થઈ શકે છે.

ખોટ વધવાના 3 મોટા કારણો

મિડલ ઈસ્ટ વોર: ઈરાન-ઈઝરાયલ તણાવને કારણે એર ઈન્ડિયાને હવે પશ્ચિમના દેશો (યુરોપ/અમેરિકા) માટે લાંબો રૂટ લેવો પડે છે. આનાથી ઉડાનનો સમય 1.5 થી 2 કલાક વધી ગયો છે, જેના કારણે કરોડોનું ઈંધણ વધુ બળી રહ્યું છે.

રોકાણ: ટાટા ગ્રુપ એરલાઈનને સુધારવા માટે નવા વિમાનોનો ઓર્ડર આપી રહ્યું છે અને જૂના વિમાનોના કેબિનને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. આ મોટા રોકાણની અસર હાલમાં બેલેન્સ શીટ પર નુકસાનના રૂપમાં દેખાઈ રહી છે.

ઓપરેશનલ ખર્ચ: એર ઈન્ડિયા પાસે ઘણા જૂના બોઈંગ વિમાનો છે જેના સ્પેરપાર્ટ્સ અને મેન્ટેનન્સ પર ઘણો ખર્ચ થાય છે. સાથે જ, સિંગાપોર એરલાઈન્સ સાથે મર્જરની કાનૂની પ્રક્રિયાઓમાં પણ ઘણું ભંડોળ ખર્ચ થઈ રહ્યું છે.

આગામી 3 મહિના સુધી ફ્લાઈટ્સની સંખ્યા 20% ઓછી રહેશે

સૂત્રોના જણાવ્યા અનુસાર, એર ઈન્ડિયાના બોર્ડે મિડલ ઈસ્ટમાં યુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ફ્લાઈટ ઓપરેશન્સમાં ઘટાડો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આગામી 90 દિવસ સુધી એરલાઈન તેની ફ્લાઈટ્સની ક્ષમતા 20% થી વધુ ઘટાડી શકે છે. આ નિર્ણય ત્યાં સુધી અમલમાં રહેશે જ્યાં સુધી મિડલ ઈસ્ટની સ્થિતિમાં સુધારો ન થાય.

ઈરાન યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ 45.5% મોંઘું થયું

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવ 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં 45.5% વધ્યા છે. જોકે, સરકારે ઘરેલું ફ્લાઈટ્સ માટે ATFના ભાવમાં વધારાને 25% પર મર્યાદિત કર્યો હતો. આના કારણે એપ્રિલમાં તેલ કંપનીઓએ (OMCs) ઘરેલું ATFના ભાવમાં માત્ર 9.2% નો વધારો કર્યો, પરંતુ આંતરરાષ્ટ્રીય ઓપરેશન્સ માટે આ વધારો ઘણો વધારે રહ્યો.

એરલાઈન્સનો ફ્યુઅલ ખર્ચ 40% થી વધીને 60% થયો

FIA અનુસાર, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સેક્ટરમાં ફ્યુઅલની કિંમતોના ભારે તફાવતે એરલાઈન્સના નેટવર્કને નાણાકીય રીતે અસ્થિર બનાવી દીધું છે. પહેલાં એરલાઈન્સના કુલ ઓપરેશનલ ખર્ચમાં ફ્યુઅલનો હિસ્સો 40% હતો, જે વધીને 60% સુધી પહોંચી ગયો છે.

લીડરશિપનું સંકટ અને જૂના ઘા

એર ઈન્ડિયા સામે આ મુશ્કેલ સમય ત્યારે આવ્યો છે જ્યારે કંપની પાસે કોઈ કાયમી CEO (સીઈઓ) નથી. એપ્રિલમાં કેમ્પબેલ વિલ્સનના રાજીનામા પછીથી ટાટા ગ્રુપ નવા બોસની શોધ કરી રહ્યું છે. આ ઉપરાંત, ગયા વર્ષે પાકિસ્તાન સાથેના તણાવ અને જૂના વિમાનોના મેન્ટેનન્સના ખર્ચે પણ કંપનીની કમર તોડી નાખી છે.

# વિશ્વભરમાં ખાદ્યપદાર્થો 3 વર્ષમાં સૌથી મોંઘા : અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે સપ્લાય ચેઈન તૂટવાની અસર, UNએ કહ્યું- હજુ ભાવ વધશે

**નવી દિલ્હી, તા.09**

અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર દુનિયાભરના રસોડા પર દેખાવા લાગી છે. યુનાઈટેડ નેશન્સ (UN)ના રિપોર્ટ અનુસાર, વૈશ્વિક સ્તરે ખાદ્ય પદાર્થોની કિંમતો છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગઈ છે. જ્યારે, ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા ડેટા અનુસાર, એપ્રિલમાં ફૂડ કોમોડિટી પ્રાઈસ ઈન્ડેક્સમાં 1.6%નો વધારો થયો છે. આ ગયા વર્ષ કરતાં 2.5% વધુ છે. આ ઉછાળાનું મુખ્ય કારણ વેજીટેબલ ઓઈલ (ખાદ્ય તેલ), માંસ અને અનાજની સપ્લાય ચેઈનમાં આવેલી અડચણો છે.

હોર્મુઝ રૂટ બંધ થવાથી મુશ્કેલીઓ વધી

ઈરાન યુદ્ધ હવે તેના 10મા અઠવાડિયામાં પ્રવેશી ચૂક્યું છે. હોર્મુઝ રૂટ બંધ છે. આ માર્ગેથી ડીઝલ અને ફર્ટિલાઈઝર (ખાતર) જેવા ખેતી માટે જરૂરી સામાનની અવરજવર અટકી ગઈ છે. ખાતર અને ઈંધણ મોંઘા થવાથી ખેડૂતો માટે ખેતી કરવી મુશ્કેલ બની રહી છે, જેની સીધી અસર આવનારા



સમયમાં ખાદ્ય પદાર્થોની કિંમતો પર પડશે.

વેજિટેબલ ઓઈલ અને મીટની કિંમતો સૌથી વધુ વધી

રિપોર્ટ અનુસાર, સૌથી વધુ અસર વનસ્પતિ તેલો પર પડી છે. ક્રૂડ ઓઈલની કિંમતો વધવાથી બાયો-ફ્યુઅલની માંગ વધી છે, જેના કારણે વેજિટેબલ ઓઈલ ઈન્ડેક્સ માર્ચની સરખામણીમાં 5.9% વધ્યો છે. આ જુલાઈ 2022 પછીનું સૌથી ઉચ્ચતમ સ્તર છે. જ્યારે, મીટ ઈન્ડેક્સમાં 1.2%નો વધારો થયો છે, જે અત્યાર સુધીનો ઓલ-ટાઈમ રેકોર્ડ છે. અનાજની કિંમતોમાં પણ 0.8%નો વધારો જોવા મળ્યો છે.

હાલ કંપનીઓ સ્ટોક વેચી રહી છે, આગળ મોંઘવારી વધુ વધશે

FAOના ચીફ ઈકોનોમિસ્ટ મેક્સિમો ટોરેરોએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે એગ્રી-ફૂડ ઈન્ડસ્ટ્રી હાલમાં એટલા માટે બચી છે, કારણ કે કંપનીઓ જૂનો સ્ટોક વેચી રહી છે. તેમણે કહ્યું, 'જેમ જ કાચા માલ અને એનર્જીની વધેલી કિંમત કંપનીઓના ખાતામાં પહોંચશે, ગ્રાહક તરીકે આપણને મોંઘવારીનો જોરદાર ઝટકો લાગશે.' તેમણે ચેતવણી આપી કે જો આ તણાવ 90 દિવસથી વધુ ખેંચાશે, તો 2026ના અંત અને 2027માં 'ગ્લોબલ ફૂડ ક્રાઈસિસ' (ખાદ્ય સંકટ)ની સંભાવના ઘણી વધી જશે.

અનાજની ઉપજ ઓછી થવાની આશંકા

ખરાબ હવામાન અને 2026માં ઘઉંના વાવેતરમાં ઘટાડાના અહેવાલોએ પણ અનાજના ભાવમાં વધારો કર્યો છે.

# 'આઈટેલ A100C ન્યૂ' સ્માર્ટફોન લોન્ચ : મિલિટરી ગ્રેડ સર્ટિફિકેશન સાથે 90Hz ડિસ્પ્લે અને 5000mAh બેટરી જેવા ફીચર્સ

**મુંબઈ, તા.09**

ટેક કંપની આઈટેલે પોતાનો નવો સ્ટાઈલિશ સ્માર્ટફોન 'A100C ન્યૂ' લોન્ચ કર્યો છે. કંપનીએ ફોનને ખાસ કરીને એવા લોકો માટે રજૂ કર્યો છે, જેઓ ઓછા બજેટમાં મજબૂતી અને બહેતર ફીચર્સ ઈચ્છે છે.

કિંમત અને કલર ઓપ્શન

સ્માર્ટફોનની સૌથી મોટી ખાસિયત તેની મજબૂતી છે. તેને મિલિટરી ગ્રેડ સર્ટિફિકેશન (MIL-STD-810H) મળેલું છે, જે તેને પડવાથી કે આંચકાઓથી ખરાબ થતા બચાવે છે. CMR ડ્યુરેબિલિટી ઈન્ડેક્સ રિપોર્ટ 2026 અનુસાર, આઈટેલ 10 હજાર રૂપિયાથી ઓછાના સેગમેન્ટમાં દેશનો સૌથી ભરોસાપાત્ર અને ટકાઉ બ્રાન્ડ બનીને ઉભરી આવ્યો છે. 'આઈટેલ A100C ન્યૂ' સ્માર્ટફોનની ભારતમાં કિંમત 7,999 રૂપિયા રાખવામાં આવી



છે. કંપનીએ તેને સિલ્ક ગ્રીન, ટાઈટેનિયમ ગોલ્ડ અને પ્યોર બ્લેક જેવા ત્રણ કલર ઓપ્શન સાથે રજૂ કર્યો છે.

મેમરી અને પર્ફોર્મન્સ: 64GB સ્ટોરેજ સાથે ઓક્ટા-કોર પ્રોસેસર

સ્માર્ટફોન 2GB રેમ સાથે આવે છે, જેને વર્ચ્યુઅલ રેમની મદદથી 4GB વધારીને કુલ 6GB સુધી કરી શકાય છે. તેમાં 64GB ઈન્ટરનલ સ્ટોરેજ આપવામાં આવ્યું છે. ફોનની સ્પીડ સુધારવા માટે તેમાં યુનિસોક T7100 ઓક્ટા-કોર પ્રોસેસર આપવામાં આવ્યું છે. તે એન્ડ્રોઈડ 15 ગો એડિશન પર ચાલે છે, જે ઓછી રેમવાળા ફોનમાં પણ સ્મૂથ ગેમિંગ અને વીડિયો કોલિંગનો અનુભવ આપે છે.

ડિસ્પ્લે અને ઓડિયો: 90Hz રિફ્રેશ રેટ સાથે DTS સાઉન્ડ

વધુ સારા વિઝ્યુઅલ અનુભવ માટે ફોનમાં 6.6-ઈંચનો HD+ ડિસ્પ્લે આપવામાં આવ્યો છે, જે 90Hz રિફ્રેશ રેટને સપોર્ટ કરે છે. સ્ક્રીન ચલાવવામાં ખૂબ જ સ્મૂથ છે. ઓડિયો માટે તેમાં DTS પાવર્ડ સાઉન્ડ ટેકનોલોજી આપવામાં આવી છે, જે મૂવી જોવા અથવા ગીતો સાંભળતી વખતે શાનદાર અવાજ આપે છે.

બેટરી અને સિક્યોરિટી: આખો દિવસ ચાલશે 5000mAhની બેટરી

લાંબા સમય સુધી ઉપયોગ માટે આઈટેલે તેમાં 5000mAh ની મોટી બેટરી આપી છે, જેને ચાર્જ કરવા માટે 10W નો ચાર્જર સાથે મળે છે. સિક્યોરિટી માટે ફોનમાં ફેસ અનલોક સાથે સાઈડ-માઉન્ટેડ ફિંગરપ્રિન્ટ સેન્સર આપવામાં આવ્યું છે, જે તેને ઉપયોગમાં સરળ અને સુરક્ષિત બનાવે છે.

ડાયનેમિક બાર અને કેમેરા ફીચર્સ

ફોનમાં એક ખાસ 'ડાયનેમિક બાર' ફીચર આપવામાં આવ્યું છે. તેની મદદથી યુઝર કોઈપણ અવરોધ વિના બેટરી સ્ટેટસ, કોલ અને નોટિફિકેશન ચેક કરી શકે છે. ફોટોગ્રાફી માટે તેમાં એડવાન્સ્ડ ઈમેજ પ્રોસેસિંગ વાળો 8MP નો રિયર કેમેરા છે, જે ઉત્તમ અને જીવંત તસવીરો ક્લિક કરવામાં સક્ષમ છે. ફોનમાં એક ખાસ 'ડાયનેમિક બાર' ફીચર આપવામાં આવ્યું છે. તેની મદદથી યુઝર કોઈપણ અવરોધ વિના બેટરી સ્ટેટસ, કોલ અને નોટિફિકેશન ચેક કરી શકે છે. ફોટોગ્રાફી માટે તેમાં એડવાન્સ્ડ ઈમેજ પ્રોસેસિંગ વાળો 8MP નો રિયર કેમેરા છે, જે ઉત્તમ અને જીવંત તસવીરો ક્લિક કરવામાં સક્ષમ છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પાર્સલ સ્પેસ લિઝ પર આપવા માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-07-26 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ-પાર્સલ વાન | **તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૨૫-૦૫-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે.** |

**નોંધ:** પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-029

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**વિવિધ સિગ્નલ અને ટેલીકોમ ઉપકરણો માટે અર્થિંગ વ્યવસ્થા અને સર્જ પ્રોટેક્શન ડિવાઈસીઝની જોગવાઈ**

**ટેન્ડર નં. DRMSnT-BVP-Sig-07R2of26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝન:- ભાવનગર ડિવિઝન ઉપર પાવર સપ્લાય ઉપકરણો/IPS, BPAC, UFSBI/બ્લોક, રિલેઝ રેક્સ/CTRs, ડેટાલોગર્સ, ELDs, AFDAS, OFC રૂમ ટેલિકોમ ઉપકરણો અને અન્ય S&T ગિયર્સ/સિગ્નલ્સ/Loc બોક્સીઝ/LC ગેટ્સ વગેરે માટે અર્થિંગ વ્યવસ્થા અને સર્જ પ્રોટેક્શન ડિવાઈસીઝ (SPDs) ની તથા HASSDAC (BPAC) ના લોકેશન બોક્સીઝ માટે પેરામેટ્રિક અર્થિંગની જોગવાઈ કરવાનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૧,૯૮,૪૦,૬૯૯.૮૯/- (રૂા. એક કરોડ અઠ્ઠાણું લાખ ચાળીસ હજાર છસો નવ્વાણું અને નેવ્યાંસી પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: ૦૧/૦૬/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-028

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**વિવિધ કામો માટે ટેલીકોમ ગિયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ**

**ટેન્ડર નં. DRMSnT-BVP-Tele 02of26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** (i) ભાવનગર ડિવિઝનના વિવિધ નોન-PRCL સેક્શનમાં ટેલીકોમ કેબલોની સુધારણા અને (ii) ભાવનગર ડિવિઝન પર OFC રૂમ ટેલીકોમ ઉપકરણો અને અન્ય S&T ગિયર્સ માટે અર્થિંગ વ્યવસ્થા અને સર્જ પ્રોટેક્શન ડિવાઈસ (SPDs) ની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ ગિયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૨,૯૮,૦૪,૫૯૫.૨૪/- (રૂા. બે કરોડ અઠ્ઠાણું લાખ ચાર હજાર પાંચ સો પંચાણું અને ચોવીસ પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: ૦૧/૦૬/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-030

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ગાંધીનગર બનશે રાજ્યનું પ્રથમ ઝીરો કમ્પ્લેઇન સિટી : AI વ્હીકલથી ખાડા-લીકેજ શોધશે

**ગાંધીનગર, તા.09**

ગુજરાતનું પાટનગર ગાંધીનગર અત્યાર સુધી પોતાની હરિયાળી અને સુઆયોજિત સેક્ટરો માટે જાણીતું હતું, પરંતુ હવે તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા વહીવટી તંત્રમાં નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં જ સ્માર્ટ ડિટેક્ટર વ્હીકલ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો ફરિયાદ કરે તે પહેલાં જ વહીવટી તંત્ર સમસ્યા શોધીને તેનું નિવારણ લાવે તે પ્રકારનું પ્રો-એક્ટિવ મોડલ ઊભું કરવાનો છે.



AI સજ્જ સર્વેલન્સ વ્હીકલ લોન્ચ કરાશે

ગાંધીનગર હવે માત્ર ગ્રીન સિટી જ નહીં, પરંતુ હાઈટેક સિટી બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. શહેરને ડસ્ટ ફ્રી બનાવવાના પ્રોજેક્ટ પછી હવે ગાંધીનગર મહાનગરપાલિકાએ નાગરિકોની સુવિધા માટે એક ક્રાંતિકારી કમ્પ્લેઈન ફ્રી મોડલ તૈયાર કર્યું છે. આ મોડલ અંતર્ગત શહેરમાં AI સજ્જ સર્વેલન્સ વ્હીકલ લોન્ચ કરવામાં આવશે. જે નાગરિકો ફરિયાદ કરે તે પહેલા જ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સક્ષમ હશે.

વ્હીકલની છત પર 360 ડિગ્રી કેમેરા અને સેન્સર્સ

આ પ્રોજેક્ટ હેઠળ તહેનાત કરવામાં આવનાર વાહન સામાન્ય સર્વેલન્સ વાહન નથી. તે અત્યાધુનિક કોમ્પ્યુટર વિઝન અને ડીપ લર્નિંગ અલ્ગોરિધમથી સજ્જ હશે. આ વાહનની છત પર હાઈરિઝોલ્યુશન 360 ડિગ્રી કેમેરા અને સેન્સર્સ લગાવવામાં આવશે. આ વાહન શહેરના માર્ગો પર નિર્ધારિત ગતિએ દોડશે.

AIથી ખાડા અને લિકેજ શોધશે

આ AI સજ્જ વ્હીકલની ખાસિયતની વાત કરીએ તો તેની AI સિસ્ટમથી પેવમેન્ટ ડિફેક્ટ ડિટેક્શન એટલે કે, રસ્તા પરના નાનામાં નાના ખાડા, તિરાડો કે ઘસાઈ ગયેલા રોડ માર્કિંગ્સનું રીઅલ ટાઈમ મેપિંગ કરશે. જ્યારે હાઈડ્રો લોજીકલ લીકેજ આઈડેન્ટિફિકેશન થકી ગટરના ઉભરાતા પાણી કે પીવાના પાણીની લાઈનમાં થતા લીકેજને સેન્સર દ્વારા ઓળખી કાઢશે.

કચરો અને દબાણોને પકડી પાડશે

એજ રીતે ઓબ્જેક્ટ રેકગ્નિશન થકી રસ્તા પર પડેલો કચરો, તૂટેલી સ્ટ્રીટ લાઈટ કે ફૂટપાથ પર થયેલા દબાણોને ઈમેજ પ્રોસેસિંગ દ્વારા તુરંત પકડી પાડશે. એટલે કે, માણસ ભૂલશે પણ મશીન નહીં એ ઉક્તિને સાર્થક કરતા આ પ્રોજેક્ટમાં માનવીય દખલગીરી નહિવત રાખવામાં આવી છે. અત્યાર સુધી સિસ્ટમ એવી હતી કે નાગરિક એપ પર ફોટો પાડીને મોકલે ત્યારે તંત્ર જાગતું હતું. હવે AI વ્હીકલ સમસ્યાને ડિટેક્ટ કરતાની સાથે જ તેનું GPS કો-ઓર્ડિનેટ્સ મેળવી લેશે.

અધિકારીએ ટાઈમ પીરિયડમાં કામ પૂર્ણ કરી રિપોર્ટ અપલોડ કરવો પડશે

આ ડેટા સીધો સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર જશે અને ત્યાંથી સેકંડોમાં સંબંધિત એન્જિનિયર અથવા વોર્ડ ઓફિસરના મોબાઈલ પર વર્ક ઓર્ડર તરીકે પહોંચી જશે. આ સિસ્ટમમાં ટાઈમ સ્ટેમ્પ હોવાથી અધિકારીએ નક્કી કરેલા સમયગાળામાં કામ પૂર્ણ કરી તેનો રિપોર્ટ અપલોડ કરવો પડશે.

# મૃતકના I-PHONEનો ડેટા મેળવવા અરજી : એપલે કહ્યું- કોર્ટનો ઓર્ડર લાવો

**અમદાવાદ, તા.09**

ગાંધીનગરની સિવિલ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં ડિજિટલ ડેટાને ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ હેઠળ મૃત વ્યક્તિની મિલકતના ભાગ તરીકે માન્યતા આપીને એક મહિલાને તેના સ્વર્ગસ્થ પિતાના આઈફોન અને આઈક્લાઉડ એકાઉન્ટનો એક્સેસ મેળવવાની મંજૂરી આપી છે. આ ચુકાદો ત્યારે આવ્યો જ્યારે એપલ કંપનીએ પરિવારને એક્સેસ માટે અધિકૃત કરતો કોર્ટ ઓર્ડર મેળવવા જણાવ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું હતું કે ફોટોગ્રાફ્સ, વીડિયો, દસ્તાવેજો અને અન્ય ડિજિટલ રેકોર્ડ્સ કાયદાકીય અને ભાવનાત્મક મૂલ્ય ધરાવે છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે ગોપનીયતાનો અધિકાર મૃત્યુ પછી ચાલુ રહેતો નથી.

'કોર્ટ મૃતકના કાયદેસરના એજન્ટ તરીકે જાહેર કરે પછી એક્સેસ આપીશું'

આ કેસ એક વ્યક્તિ સાથે સંબંધિત છે, જેમનું એપ્રિલ 2025માં વસિયતનામું કર્યા વિના અવસાન થયું હતું. તેમના મૃત્યુ પછી તેમની પત્ની અને પુત્રીએ તેમના લોક થયેલા આઈફોન અને આઈક્લાઉડ એકાઉન્ટમાં સંગ્રહિત ડેટા મેળવવા માટે પ્રયાસ કર્યો હતો. પરિવારે કંપનીનો સંપર્ક કર્યો જેણે તેમને જાણ કરી કે સક્ષમ કોર્ટ તેમને મૃતકના કાયદેસરના એજન્ટ તરીકે જાહેર કરે તે પછી જ એક્સેસ આપી શકાય છે.

પરિવારે લેટર ઓફ એડમિનિસ્ટ્રેશન મેળવવા કોર્ટમાં અરજી કરી

પરિવારે ઉત્તરાધિકાર અધિનિયમ હેઠળ જાહેરનામું અને લેટર ઓફ એડમિનિસ્ટ્રેશન મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. પત્નીએ ડિજિટલ ડેટા મેળવવા માટે તેની પુત્રીની તરફેણમાં નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ પણ રજૂ કર્યું હતું.

મૃતકનો ડેટા પરિવાર માટે ભાવનાત્મક-વ્યવહારિક મહત્વ ધરાવે છે

સુનાવણી દરમિયાન અરજદારોએ દલીલ કરી હતી કે મૃતકના આઈક્લાઉડ એકાઉન્ટમાં ફોટોગ્રાફ્સ, વીડિયો, વોઈસ નોટ્સ, દસ્તાવેજો અને કોન્ટેક્સ સહિતની મૂલ્યવાન વ્યક્તિગત સામગ્રી છે, જે પરિવાર માટે ભાવનાત્મક અને વ્યવહારિક મહત્વ ધરાવે છે.

એપલે મૃતકના પ્રતિનિધિ તરીકે અધિકૃત કરતા કોર્ટના આદેશનો આગ્રહ રાખ્યો

પુત્રીએ કોર્ટને જાણ કરી હતી કે એપલે મેસેજ આપ્યો છે કે તે આઈક્લાઉડ ડેટાના એક્સેસ માટે પાસવર્ડ તેમજ સિક્યુરિટી રીસેટની સુવિધા આપી શકે છે, પરંતુ ફિઝીકલી લોક થયેલા ઉપકરણ પર સંગ્રહિત ડેટા પુનઃપ્રાપ્ત કરવાનો તેમની પાસે કોઈ તકનીકી માર્ગ નથી. કંપનીએ અરજદારોને મૃતકના પ્રતિનિધિ તરીકે અધિકૃત કરતા કોર્ટના આદેશનો આગ્રહ રાખ્યો હતો.

# કચ્છનું નાનું રણ બન્યું વિદેશી પક્ષીઓનું સ્વર્ગ : પ્રવાસી પક્ષીઓની સંખ્યા સાડા ત્રણ લાખને પાર

**સુરેન્દ્રનગર, તા.09**

8મી મે એટલે કે 'વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ'. આ અવસરે પક્ષીપ્રેમીઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. માનવીય ખલેલથી મુક્ત એવું કચ્છનું નાનું રણ વિદેશી મહેમાનો માટે સલામત આશ્રયસ્થાન સાબિત થઈ રહ્યું છે. તાજેતરના આંકડાઓ મુજબ, 2023ની ગણતરી કરતાં 3.5 ગણો જંગી વધારો નોંધાયો છે, જે આ વર્ષે સાડા ત્રણ લાખને પાર કરી ગઈ છે. અગાઉની ગણતરીમાં પાટડીના રણમાં 103 પ્રજાતિના કુલ 99,740 પક્ષી નોંધાયા હતા. જોકે, લેટેસ્ટ પક્ષી ગણતરીમાં આ આંકડો આશ્ચર્યજનક રીતે વધીને 3,51,196 પર પહોંચ્યો છે. આ વધારાને પગલે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરો અને પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાટડી-ખારાઘોડાના રણમાં આવેલા 74 જેટલા બેટ અને જળાશયોના કાંઠે સાઈબેરિયા, યુરોપ અને લદાખ જેવા અંતરિયાળ વિસ્તારોથી પક્ષીઓ શિયાળો ગાળવા આવે છે. જેમાં મુખ્યત્વે: સુરખાબ (ફ્લેમિંગો): લેસર અને ગ્રેટર ફ્લેમિંગો અહીં અનોખી 'માળા વસાહત' ઉભી કરી બચ્ચાઓને જન્મ આપે છે. જળચર પક્ષીઓ: પેલીગન (પેણ), બતક, કૂંજ, મોટી ચોટીલી ડુબકી અને વાબગલી. દુર્લભ પક્ષીઓ: લદાખથી આવતા 'ગાજ હંસ' અને લુપ્ત થવાના આરે પહોંચેલા 'રશિયન સોશિયેબલ' પક્ષીઓ પણ અહીં જોવા મળ્યા છે.

આ રણ માત્ર જળચર પક્ષીઓ માટે જ નહીં, પણ શિકારી પક્ષીઓ (Raptors) માટે પણ અનુકૂળ છે. અફાટ રણમાં 30થી વધુ પ્રકારના શિકારી પક્ષીઓ નોંધાયા છે, જેમાં ઈમ્પીરીયલ ઈગલ, સ્ટેટી ઈગલ, પેરાગ્વિન ફાલ્કન, મર્લિન અને બાજ જેવા પ્રભાવશાળી પક્ષીઓનો સમાવેશ થાય છે. અભયારણ્ય વિભાગના જણાવ્યા અનુસાર, દર વર્ષે નવેમ્બરથી માર્ચ દરમિયાન આ રણ વિદેશી પક્ષીઓથી ઉભરાય છે.

# આઉટસોર્સિંગ કર્મીઓના કરોડોના લીવ ઓન કેશ કૌભાંડનો આક્ષેપ : તાપી, દાહોદ અને ભાવનગરમાં 'અલ્ટ્રા મોર્ડન' એજન્સી સામે ગંભીર રજૂઆત

**ગાંધીનગર, તા.09**

તાપી, દાહોદ અને ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત આઉટસોર્સિંગ કર્મચારીઓના લીવ ઓન કેશના નાણાંમાં ગેરરીતિ થયાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ગુજરાત જનતા જાગૃતિ મંચે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરીને 'અલ્ટ્રા મોર્ડન' એજન્સીનો કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરી પોલીસ ફરિયાદ દાખલ કરવાની માગ ઉઠાવી છે. ગુજરાત જનતા જાગૃતિ મંચના જણાવ્યા અનુસાર, નવેમ્બર, 2023થી વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓની ભરતી માટે આ એજન્સી કાર્યરત છે. જોકે છેલ્લા બે વર્ષ દરમિયાન ટેન્ડરની શરતો વિરુદ્ધ કર્મચારીઓને મળવાપાત્ર લીવ ઓન કેશની



રકમ ચૂકવવામાં આવી નથી અને કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આક્ષેપ મુજબ તાપી જિલ્લામાં અંદાજે 1.32 કરોડ, ભાવનગર જિલ્લામાં 1.72 કરોડ અને દાહોદ જિલ્લામાં 2.83 કરોડ જેટલી રકમમાં ગેરરીતિ થઈ હોવાનું કહેવામાં આવ્યું છે. આમ ત્રણેય જિલ્લાઓમાં કુલ મળીને આશરે 6 કરોડથી વધુની રકમ પચાવી પાડવાનો દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત જનતા જાગૃતિ મંચે દાવો કર્યો છે કે, ફરિયાદો બાદ ટેન્ડર કમિટીઓએ રકમની રીકવરી માટે આદેશ પણ કર્યા છે, છતાં એજન્સી સામે કડક કાર્યવાહી થઈ નથી. વિપરીત રીતે એજન્સીને વધુ એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયે જણાવ્યું હતું કે, સરકાર ભ્રષ્ટાચાર વિરોધી દાવા કરે છે, પરંતુ નાના કર્મચારીઓ સામે તરત કાર્યવાહી થાય છે, જ્યારે કરોડો રૂપિયાની ગેરરીતિના આરોપો વચ્ચે એજન્સી સામે કાર્યવાહી થતી નથી. ટેન્ડરની શરતો મુજબ ઓછું વેતન ચુકવવા અથવા ગેરરીતિ સાબિત થાય તો કોન્ટ્રાક્ટ કોઈ નોટિસ વિના રદ કરવાની જોગવાઈ હોવા છતાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીઓએ પગલાં લીધા નથી, એવો આક્ષેપ તેમણે કર્યો હતો.

# RTEના વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી સ્કૂલોને DEOનો કડક આદેશ, કોઈ ફી નહીં વસૂલવા સૂચના

**ગાંધીનગર, તા.09**

અમદાવાદમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે કેટલીક શાળાઓ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ આપવામાં આવેલા બાળકો પાસેથી અધર એક્ટિવિટીના નામે ફી ઉઘરાવતા હોવાની અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ મળી હતી. જેને ધ્યાનમાં રાખીને શહેરની તમામ શાળાઓને કડક સૂચના આપવામાં આવી છે. નિયમ પ્રમાણે શાળાઓ અધર એક્ટિવિટીના નામે RTEના વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ ફી ઉઘરાવી શકશે નહીં. જો કોઈ શાળા ફી ઉઘરાવશે તો કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ અમદાવાદ શહેરની 1300 કરતા વધુ શાળાઓમાં 14 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડોક્યુમેન્ટ ચકાસણી વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જ્યાં વિદ્યાર્થીઓ ધો. 1થી 8 સુધી ફ્રીમાં અભ્યાસ કરી શકે છે. પરંતુ કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી અધર એક્ટિવિટીના બહાને વિદ્યાર્થીઓ પાસેથી પૈસા પડાવી રહી છે. જેની ફરિયાદ વાલીઓએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી. RTE હેઠળ થયેલા એડમિશનના બાળકો પાસે ખાનગી શાળાઓ અધર એક્ટીવીટીના નામે ફી ઉઘરાવી વાલીઓના ખિસ્સા ખંખેરતી હોય છે. તેમજ શાળાના યુનિફોર્મ અને પુસ્તકો કોઈ ચોક્કસ જગ્યાએ જ ખરીદવાનો આગ્રહ રાખી શાળાઓ જાણે લૂંટ ચલાવતી હોય તેવી ફરિયાદો પણ જિલ્લા શહેર જિલ્લા શિક્ષણાધિકારીને મળી હતી. ખાનગી શાળાઓ એક્ટીવીટી ફી, શાળા કીટ, યુનિફોર્મ, કેન્ટિન ચાર્જ, વાર્ષિક કાર્યક્રમ ફી, ટ્રાન્સપોર્ટ માટે દબાણ સહિતની ફી ઉઘરાવતી હોવાથી શાળાઓને કડક સૂચના આપવામાં આવી છે.

# મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતીના લગ્ન સંપન્ન થયા

## યુવતીને નારી સંરક્ષણ ગૃહમાંથી પતિ સાથે જવા હાઈકોર્ટની મંજૂરી, પોલીસને કહ્યું- 'દંપતીને કોઈ હેરાન ન કરે'

**ગાંધીનગર, તા.09**

લિવઈનમાં રહેતા મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતીને છુટા પડાયા બાદ અંતે હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્ગત મંજૂરી અપાતા લગ્ન સંપન્ન થયા છે. નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને તેના પતિ સાથે જવા માટે મંજૂરી આપવામાં આવી છે. સાથે જ દંપતીને કોઈ પરેશાન ન કરે તે માટે પોલીસને ધ્યાન રાખવા તાકીદ કરવામાં આવી છે.

લિવઈનમાં રહેતા કપલને છુટા પડાતા મામલે કોર્ટ સમક્ષ પહોંચ્યો હતો

મહેસાણા જિલ્લામાં 22 વર્ષીય મુસ્લિમ યુવક અને 21 વર્ષીય હિન્દુ યુવતી લિવઈનમાં રહેતા હતા. બંનેના લગ્નને લઈ થોડા મહિના પહેલા ધાર્મિક સંગઠનો દ્વારા ભારે ઉહાપોહ મચાવવામાં આવ્યો હતો અને યુવક-યુવતીને છુટા પાડી દેવામાં આવ્યા હતા. યુવતીને પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં મોકલી દેવામાં આવી હતી. જેની સામે યુવકે હાઈકોર્ટમાં અરજી કરી પાર્ટનરની કસ્ટડી માગી હતી અને કહ્યું હતું કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે.

કોર્ટે યુવતીની ઈચ્છા જાણી, યુવકને યુવતીના નામે 3 લાખ જમા કરાવવા આદેશ કર્યો

યુવકની અરજી બાદ કોર્ટે યુવતીને તેની ઈચ્છા જાણવા માટે બોલાવી હતી. ભવિષ્યમાં જો કોઈ



કમનસીબ સ્થિતિ ઉભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં આવી શકે. જેની ચિંતા વ્યકત કર્યા બાદ કોર્ટે યુવકને 3 લાખ રૂપિયા જમા કારવવાની તૈયારી દર્શાવતું સોંગદનામું ફાઈલ કરવા આદેશ કર્યો હતો. યુવકે કહ્યું કે તે સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા અને તે માટેની તમામ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા તૈયાર છે. તેણે એવી પણ બાહેંધરી આપી હતી કે, તે તેની ક્ષમતા અને સાધનો મુજબ તેના ભરણપોષણ, રહેઠાણ અને જીવનની તમામ જરૂરિયાતો પૂરી પાડશે. તે યુવતી સાથે ગરિમા અને સન્માન સાથે વર્તશે અને તમામ બાબતોમાં તેની સુખાકારી સુનિશ્ચિત કરશે.

હાઈકોર્ટે યુવકને રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ યુવતીનું બેંક ખાતું ન હોવાથી હાઈકોર્ટે રજિસ્ટ્રીને તેના નામે ખાતું ખોલવા અને ફિક્સ્ડ ડિપોઝિટનું વ્યાજ સમયાંતરે તેના ખાતામાં જમા કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સ્પષ્ટ છે કે જો ભવિષ્યમાં આ કપલ અલગ થાય, તો 3 લાખ રૂપિયાની પૂરેપૂરી રકમ તેની આર્થિક સુરક્ષા માટે તેને સોંપી દેવામાં આવશે. છેલ્લી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે યુવકને લગ્નનો ઈરાદો હોવાની નોટિસ આપવા અને 6 અઠવાડિયાના ગાળામાં આખી પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે સંબંધિત સરકારી અધિકારીઓને પણ નિર્દેશ આપ્યો હતો કે અરજદાર અને પ્રતિવાદીની લગ્નની અરજી પર પ્રક્રિયા કરે અને ખાતરી કરે કે તમામ જરૂરિયાતો પૂર્ણ થાય અને કાયદા અનુસાર લગ્ન સંપન્ન થાય.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




